ગાંધીનગરથી દર ગુરૂવારે પ્રકાશિત થતું સાપ્તાહિક

Agnipath (Weekly) Gandhinagar

Permitted by SSP GNR to Post at GNR Stg
Every Thursday Under Regd. No. : G GNR - 214 / 2012-14

ओ३म्
अस्माकं वीरा उत्तरे भवन्तु

॥ कृण्वन्तो विश्वमार्यम् ॥

# અગ્નિપથ

વર્ષ : ૧૫ અંક : ૧૮ તંત્રી : અરવિંદ કે. રાણા ● તારીખ : ૦૧-૦૫-૨૦૧૪, ગુરૂવાર R.N.I. No. GUJGUJ/2000/1951 ● કિંમત : રૂા. ૪.૦૦ ● પાના : ૪

### પાંચમી સદીમાં ૧૦ હજાર વિદ્યાર્થીઓથી ધમધમતી

## પ્રાચીન નાલંદા યુનિવર્સિટીને ફરીથી જીવંત કરવામાં આવશે

દુનિયાની પ્રથમ પ્રાચીન યુનિવર્સિટી નાલંદાને ઈ.સ. ૧૧૯૩માં હુમલાખોરોએ સળગાવી દીધી હતી. આને ૨૧મી સદીમાં ફરી જીવંત કરવાનું કેટલાક વિદ્વાનોએ બીડું ઝડપ્યું છે. જેમાં નોબેલ પારિતોષિક વિજેતા અને હાર્વડ યુનિવર્સિટીના ઈકોનોમિસ્ટ પ્રોફેસર અમર્ત્ય સેન મોખરે છે. આ યુનિવર્સિટીમાં તમામ પ્રકારના આધુનિક વિષયોનું જ્ઞાન આપવામાં આવશે. આ નાલંદા યુનિવર્સિટી બિહારના રાજગીરમાં બનાવવમાં આવશે. જે પ્રાચીન વિશ્વ વિદ્યાલયથી માત્ર ૧૦ કિમી. દૂર છે. આ શિક્ષણ સંસ્થા માટે બિહાર સરકારે ૪૫૦ એકર જમીનની ફાળવણી કરી છે. બાકી ખર્ચ માટે કેન્દ્ર સરકાર અને વિદેશી સંસ્થાઓ સહાય કરી રહી છે. પ્રાપ્ત માહિતી અનુસાર સરકારે આ પ્રોજેક્ટ પાછળ ૩૩૦ મિલિયનની ફાળવણી પણ કરી છે. નાલંદા યુનિવર્સિટીની લાયબ્રેરી બાંધવા માટે ચીન અને ઓસ્ટ્રિલયાએ ૧ મિલિયન ડોલર અને સિંગાપોરે ૭ મિલિયન ડોલરની સહાય કરવાની ઓફર કરી છે.

નાલંદા યુનિવર્સિટી ધીરે ધીરે બાંધવામાં આવશે. તેની વચ્ચે પણ અભ્યાસ તો ચાલતો જ રહેશ. એક માહિતી મુજબ વર્તમાન વર્ષના સપ્ટેમ્બર માસમાં ૪૦ વિદ્યાર્થીઓને એડમિશન આપીને ઈતિહાસ અને પર્યાવરણ વિષયનો અભ્યાસ શરૂ કરવામાં આવશે. ત્યાર બાદ યુનિવર્સિટીનું આયોજન બુદ્ધિઝમ, કાયદો, ફિલોસોફી, ઈન્ટરનેશનલ રીલેશન, સાયન્સ અને ટેકનોલોજી, અર્થશાસ્ત્ર, મેનેજમેન્ટ જેવા વિવિધ વિષયોમાં ૨૦૦૦ થી પણ વધુ વિદ્યાર્થીઓને એડમિશન આપવાનું છે. નાલંદા યુનિવર્સિટી સ્થાપનાનો નિર્ણય ૨૦૦૬માં એ પી જે અબ્દુલ કલામ રાષ્ટ્રપતિ હતા ત્યારે કરવામાં આવ્યો હતો. આ યુનિવર્સિટીના નિર્માણ માટેની મંજુરી પણ ૨૦૧૦માં ભારતીય સંસદે આપી હતી. નાલંદાની ગર્વનિંગ બોડી સાથે સંકળાયેલા પ્રો. સેનના જણાવ્યા અનુસાર અમે શિક્ષણ, આરોગ્ય અને સંસ્કારમાં માનીએ છીએ. પ્રચિન આલંદા વિદ્યાપીઠ ૨૦૦ વર્ષની મહેનત પછી લોકપ્રિયતાના શિખર ઉતર બેઠી હતી. ત્યારે અમોને પણ સફળતા મળતા ૧૫ થી ૨૦ વર્ષ જેટલો સમય લાગશે તે સ્વભાવિક છે. બીજી બાજુ બિહાર જેવા અવિકસિત રાજયમાં વિશ્વસ્તરની યુનિવર્સિટી બનાવવી એ ખૂબ જ અઘરું કામ છે. એમ પણ એમના ટીકાકારો માને છે. જો કે પ્રો. સેનને નાલંદાની સ્થાપના અને સફળતા અંગે કોઈ શંકા નથી.

॥ओ३म्॥

वानप्रस्थ साधक आश्रम
Vaanprasth Saadhak Aashram

योगादेव तु कैवल्यम्

( साधना, स्वाध्याय, सेवा तथा वैदिक विद्वान, वानप्रस्थियों एवं संन्यासियों के निर्माण हेतु भव्य परियोजना )

आर्य वन, रोजड़, पत्रा. : सागपुर, जि. साबरकांठा-३८३ ३०७, गुजरात, भारत
Aaryavan, Rojad, Po. : Sagapur, Dist. : Sabarkantha-383 307, Gujarat, India

ट्रस्ट रजिस्ट्रेशन क्रमांक ई-२०१२/सा.कां.

दिनांक : २७/०४/२०१४

उपनिषद् तथा वेदान्त दर्शन अध्ययन का स्वर्णिम अवसर

अध्यात्म जगत् में उपनिषद् एवं वेदान्तदर्शन ग्रन्थ का महत्वपूर्ण स्थान है। उप = समीप, नि = निश्चय से, षद् = बैठना। उपनिषद् का अर्थ हुआ आत्मा परमात्मा के समीप बैठने = जानने की विद्या। प्रत्येक उपनिषद् में आत्मा-परमात्मा के विषय में विशेष चर्चा के साथ-साथ मनुष्य जीवन का लक्ष्य, उद्देश्य, उस लक्ष्य की प्राप्ति के उपाय, विधि-विधान, साधक-बाधकों की विस्तृत चर्चा, योगी के लक्षण (आचरण) अध्यात्म-साधना (योगाभ्यास) का महान् लाभ अध्यात्म रहित का परिणाम आदि का वर्णन है, जिसको पढ़कर अध्यात्म पिपासु आनन्द से गद्गद हो जाता है।

वैसे ही वेदान्तदर्शन में ब्रह्म (परमात्मा) का महत्व तथा उसके विशेष नाम व गुणों की व्याख्या के साथ-साथ मोक्ष का महत्व व विवरण है। वेदान्त (वेद + अन्त) वेदों का सार कहा जाता है।

वानप्रस्थ साधक आश्रम, आर्यवन, रोजड़ में पिछले एक वर्ष से शिक्षा अष्टाध्यायी, व्याकरण आदि वेदाङ्ग एवं योगदर्शन, न्यायदर्शन आदि उपाङ्गों का अध्ययन-अध्यापन ऋषि प्रणाली से चल रहे हैं। इसी शृंखला में आध्यात्मिक उन्नति का अनुपम तथा साधना के रहस्यमय ग्रन्थ ग्यारह उपनिषद् एवं तत्पश्चात् सम्पूर्ण वेदान्तदर्शन (ब्रह्मसूत्र) का ऋषि पद्धति से वेदानुकूल व्याख्या सहित नियमितरूप से स्वामी मुक्तानन्द परिव्राजक (व्याकरणाचार्य, दर्शनाचार्य) द्वारा वानप्रस्थ साधक आश्रम में आगामी आषाढ पूर्णिमा (१२ जुलाई २०१४) से अध्यापन कराया जाएगा।

इन ११ उपनिषदों व वेदान्तदर्शन अध्ययन में लगभग ८-९ मास लगेंगे। इसके साथ-साथ प्रतिदिन सन्ध्या, हवन, आत्मनिरीक्षण, समय-समय पर अनेक मूर्द्धन्य विद्वानों के दार्शनिक प्रवचन एवं योगनिष्ठ गुरुवर्य पूज्य स्वामी सत्यपति जी का सान्निध्य, प्रेरणा व उपदेश भी प्राप्त होगा। संस्कृत से अनभिज्ञ विद्यार्थियों को साथ-साथ संस्कृत पढ़ाने की व्यवस्था भी रहेगी। अधिकतम दश (प्रथम आवेदन के आधार पर) विद्यार्थियों को अवसर प्राप्त होगा। गुरुकुलीय दिनचर्या, पूर्ण अनुशासन, योगाभ्यास व आध्यात्मिक ग्रन्थ अध्ययन में रुचि रखने वाले विद्यार्थी अपना पूर्ण परिचय, नाम, आयु, पता, दूरभाष संख्या, शैक्षणिक योग्यता आदि **vaanaprastharojad@gmail.com** पर ३० जून तक भेजें अथवा व्यवस्थापक, वानप्रस्थ साधक आश्रम, आर्यवन, रोजड़, पो.सागपुर, जि.साबरकांठा, गुजरात-३८३३०७ पर पत्रव्यवहार करें। सायं ०७:३० से ०८:०० बजे **+91 94 26 408026** में सम्पर्क करें।

व्यवस्थापक
वानप्रस्थ साधक आश्रम
आर्यवन, रोजड़, गुजरात.


TEL : +91(02770) 287417, 291496, 291555, 291717 • EMAIL : vaanaprastharojad@gmail.com • WEBSITE : www.vaanaprastharojad.org

સ્થાન સૌજન્ય : સર્વોત્કર્ષ સેવા સંસ્થાન

### ઘાટકોપરના અગ્રણી શ્રી મંગલભાઈ ભાનુશાલીનાં નેતૃત્વમાં

## ક્રાંતિકારી સ્વાતંત્ર્ય સેનાની ક્રાંતિગુરુ પંડિત શ્યામજી કૃષ્ણવર્માને શબ્દાંજલિ અર્પણ કરાઈ


ગુજરાત અને મહારાષ્ટ્રના નિવાસી ભારતના ૧૯મી સદીના સર્વપ્રથમ ક્રાંતિકારી સ્વાતંત્ર્ય સેનાની ક્રાંતિગુરુ પંડિત શ્યામજી કૃષ્ણવર્મા કે જેમણે ભારતને સ્વતંત્ર કરવા લંડન ખાતે ગાંધીજીથી ૨૦ વર્ષ પહેલાં સ્વાતંત્ર્યની ચળવળ ચલાવી હતી, એવા મહાન વિરલ મહાપુરુષની ૮૪મી પુણ્યતિથીના પ્રસંગે હુતાત્માને ભાવભેર શ્રધ્ધાંજલિ અને શબ્દાંજલિ અર્પણ કરવા શ્રી ભાનુ યુથ સર્કલ, મુંબઈ દ્વારા એક વિશેષ સમારંભનું આયોજન ઘાટકોપરના અગ્રણી શ્રી મંગલભાઈ ભાનુશાલીનાં નેતૃત્વમાં તાજેતરમાં જ ગુરુકુળ હાઈસ્કુલ (ભાનુશાલીની વાડીની બાજુમાં) તિલક રોડ, ઘાટકોપર (ઈસ્ટ) ખાતે કરવામાં આવ્યું હતું. પંડિત શ્યામજી કૃષ્ણવર્માને ભાવભરી શ્રદ્ધાંજલિ અર્પણ કરવા ભેગા થયેલા હજારો દેશભક્તો અને શ્યામજી ભક્તોની માનવમેદનીનાં આ પ્રસંગે ભારતની સ્વતંત્રતા માટે પોતાના તન,મન અને ધનનું બલિદાન અર્પણ કરનારા સશસ્ત્રક્રાંતિના પિતામહ ક્રાંતિવીર પંડિત શ્યામજી કૃષ્ણવર્માના સંસ્મરણોને તાજા કરી તેમની ક્રાંતિ અને બલીદાનની ગાથાને ભારતીય જનસમુદાયમાં ઘર-ઘર સુધી ફેલાવવાનાં ઉદ્દેશ્યથી પંડિતજીના જીવન અને કાર્યો વર્ણવતા ત્રણ વિશેષ પ્રકાશનોનું વિમોચન કરવાનો ભવ્ય સમારોહ પણ રાખવામાં આવ્યો હતો. આ પ્રકાશનોમાં મિલ્ટન કિન્સ, યુ.કે. નિવાસી અને પંડિત શ્યામજી કૃષ્ણવર્માના અસ્થિઓને ભારત લાવવાના ભગીરથ કાર્યમાં અગત્યનો ભાગ ભજવનારાં શ્રી હેમંત ગજાનન પાધ્યા રચિત અને શ્રીમતિ તેજલબેનના કોકીલ કંઠે ગવાયેલી ‘સ્વર શ્રદ્ધાંજલિ’ ગીતોની સુંદર સ્વર અને સંગીતમય એમપીથ્રી સીડી અને પંડિત શ્યામજી કૃષ્ણવર્માના જીવન કાર્યો અને અન્ય દસ્તાવેજોનો સમાવેશ કરતાં તેમનાં પુસ્તક “ફોટોગ્રાફિક રેમીનીસન્સ ઓફ પંડિત શ્યામજી કૃષ્ણવર્મા”, “ઈન્ટ્રોડક્શન ટુ પંડિત શ્યામજી કૃષ્ણવર્મા” ની સર્વ પ્રથમ ઈ-બુક અને પીડીએફ ફાઈલની સીડી રોમના સ્મરણીય અને સંગ્રહયુકત સંયુક્ત સમૂહના વિમોચન તેમજ ગુજરાતના પ્રખ્યાત લેખક શ્રી વિષ્ણુભાઈ પંડ્યા અને શ્રીમતિ આરતીબેન પંડ્યા રચિત “ક્રાંતિની ખોજમાં પંડિત શ્યામજી” પુસ્તકનું વિમોચન વિશ્વવિખ્યાત કથાકાર શ્રી રમેશભાઈજી ઓઝાના હસ્તે કરવામાં આવ્યું હતું. શ્રી રમેશભાઈ ઓઝાએ સુંદર પ્રવચન આપી ક્રાંતિવીર પંડિત શ્યામજીને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.




આ પ્રસંગે ફિલ્મ અને ટેલિવિઝનની દુનિયામાં વિશ્વવિખ્યાત અને અનેક આંતરરાષ્ટ્રીય પારિતોષિકો પ્રાપ્ત કરનારાં શ્રી વિનોદભાઈ ગણાત્રા પણ વિશેષ મહેમાન તરીકે પધાર્યા હતા. જેમણે ક્રાંતિગુરુ પંડિત શ્યામજી કૃષ્ણવર્માનાં જીવન પર એક સુંદર ફિલ્મ બનાવવાની પોતાની સંકલ્પિત યોજનાની રૂપરેખા રજુ કરી હતી. આ ભગિરથ કાર્યની પૂર્તિ માટે યોગ્ય સહકાર અને સહયોગ આપવા શ્રોતાજનો શ્યામજી ભક્તો અને દેશભક્તોને વિનંતી કરી હતી. આ પ્રસંગે પંડિત શ્યામજી કૃષ્ણવર્માના કર્યોને ઉજાગર કરવામાં યોગદાન આપનાર શ્રી રમેશ લાલજી ગજરા (ગામ વમોટી))નું જાહરે સન્માન કરવામાં આવ્યું હતું. આ સમારંભમાં આ ઉપરાંત આ પ્રસંગને વધુ ભાવુક બનાવવાં દેશભક્તિનાં ગીતોની સંગીત સંધ્યાનો કાર્યક્રમ પણ ગોઠવવામાં આવ્યો હતો. આ પ્રસંગે ક્રાંતિવીર પંડિત શ્યામજી કૃષ્ણવર્માની સ્મૃતિને સદા ઉજાગર કરનારાં શ્યામજી પ્રેમી શ્રી હિરજીભાઈ કારાણી પણ હાજર હતા. આ પ્રસંગે આપણાં શ્યામજી કૃષ્ણવર્માને શ્રદ્ધાંજલિ અર્પણ કરવા સર્વ દેશભક્તો, મહાજનો, મંડળીઓ, જ્ઞાતીજનો અને અન્ય વરિષ્ઠ નાગરિકોએ ઉત્સાહભેર ભાગ લઈ કાર્યક્રમને સફળ અને ફળીભૂત બનાવ્યો હતો.

જાહેર નિમંત્રણ

## વેદ કથા



કથાકાર : પૂ. સ્વામી વિવેકાનંદજી પરિવ્રાજક

વેદ કથાના પ્રવકતા દાર્શનિક સંન્યાસી છે. સાબરકાંઠામાં દર્શન યોગ મહાવિદ્યાલય, આર્યવન-રોજડ ખાતે પૂ. સ્વામી સત્યપતિજી પાસેથી છ દર્શનો, ઉપનિષદો તથા વેદોનો ગહન અભ્યાસ કરેલ છે. તેમજ મહર્ષિ પતંજલિ દ્વારા દર્શાવેલ અષ્ટાંગ યોગનું ક્રિયાત્મક રૂપથી પ્રશિક્ષણ આપે છે. ભારતના જુદા-જુદા રાજ્યો ઉપરાંત વિદેશમાં વેદ પ્રચારનું કાર્ય અવિરત કરે છે.

તારીખ : ૮ થી ૧૧ મે, ૨૦૧૪

સમય : સવારે ૮.૦૦ થી ૯.૩૦,
રાત્રે : ૮.૦૦ થી ૯.૩૦

સ્થાન : સાધના સ્થલી, ‘પ્રેમ-મોહન ૯,’ નુતન નગર હોલ પાછળ, કોટેચા ચોક પાસે, કાલાવડ રોડ, રાજકોટ

સંપર્ક સુરેશભાઈ ચાવડા - ૯૯૨૫૯૧૩૧૨૯

બહાર ગામથી આવતા મહેમાનો માટે રહેવા-જમવાની વ્યવસ્થા છે. બહાર ગામથી આવતા મહેમાનોએ કેટલા સભ્યો આવે છે તેની જાણ અગાઉથી ઉપરના ફોન નંબર ઉપર જણાવવા વિનંતી છે. જેથી વ્યવસ્થા કરી શકાય. સ્થાન સૌજન્ય : સર્વોત્કર્ષ સેવા સંસ્થાન

દશ લક્ષણાનિ ધર્મસ્ય યે વિપ્રા સમધીયતે ।
અધીત્ય ચાનુવર્તન્તે તે યાન્તિ પરમાં ગતિમ્ ॥

मनुस्मृति ९३(६३)

ધર્મના દશ લક્ષણોનું જે દ્વિજ અધ્યયન-મનન કરે છે અને ભણીને સનન કરે છે, તેનું પાલન કરે છે તે ઉત્તમ ગતિને પ્રાપ્ત કરે છે.

**તંત્રી સ્થાનેથી....**

## અર્થતંત્રમાં વિશ્વાસનું વાતાવરણ જરૂરી

સરકાર કયા પક્ષની રચાય તે બાબત અગત્યની નથી. મહત્વનું એ છે કે નવી સરકાર અર્થતંત્રને વેગીલું બનાવવા કેવા પગલાં લે છે ? કોર્પોરેટ ક્ષેત્ર માટે કેવો વ્યુહ અપનાવે છે. સામાન્ય માણસ એટલે કે દેશવાસીઓ માટે સરકાર યોગ્ય પ્રોત્સાહક જનહિતને સ્પર્શતા નિર્ણય લે છે કે નહીં ? તે બાબત મહત્વની છે. આ બધા મુદ્દાઓનો જવાબ આગામી સમયમાં મળી જશે.

હકીકત એ છે કે ભારતના ધંધા-ઉદ્યોગનું ભાવિ કેન્દ્ર સરકાર દ્વારા અપનાવવામાં આવતી નવી નીતિઓ અને જાહેરાત સાથે સંકળાયેલું છે. આ ચૂંટણીના પરિણામો ઉપર નવા ઉદ્યોગો કે નવું રોકાણ કરવું કે નહીં એનો ખૂબ આધાર છે. કોર્પોરેટ ક્ષેત્ર માટે આ ચૂંટણી એ એક આશાનું કિરણ છે. નવી સરકાર વેપાર મૈત્રી માહોલ બનાવે એ દેશના અને તમામ નાગરિકોના હિતમાં છે. પ્રધાનોની ગંભીરતા અને ઉદ્યોગોને મદદ કરવાની સાચી દાનત એક જ એવી બાબત છે કે જે અર્થતંત્રમાં વિશ્વાસનું વાતાવરણ ઉભું કરી શકે. સત્ય તો એ છે કે કેન્દ્રમાં એક સ્થિર સરકાર જ વૃદ્ધિની અપેક્ષાના નિર્માણ માટે સૌથી મહત્વનું પરિબળ છે. જો અસ્પષ્ટ ચૂકાદો આવશે તો રાજકીય અને ઔદ્યોગિક અસ્થિરતા વધશે.

# અમૃતતુલ્ય લીમડો

એના વૃક્ષથી કોણ અજાણ હશે ? એના સુંદર મોટા વૃક્ષ થાય છે. એની ઠંડી મધુર છાયા સૌને રાહતદાયક થાક ઉતારનાર છે, તે કડવો પણ અમૃતતુલ્ય છે. લોકો એનાં દાતણ કરે છે. દવાના કામમાં ઝાડની છાલ, પાન, લીંબોડીનું તેલ, ફુલ, છાલનું સત્વ વપરાય છે.

શીતળ, હલકો, કડવો, તીખો પૌષ્ટિક, વ્રણ રૂઝવનાર, સોજા, ગડગુમડ પકાવનાર, કૃમિ, ઊલટી, તાવ, રક્તદોષ, કફ, પિત્ત, દાહ, વાયુ મટાડે છે. બહારની છાલ કરતાં અંદરની છાલમાં ગુણ વધારે હોય છે.

લીમડાના પાનની બાફેલી પોટીશ અનેક પ્રકારનાં ગડગુમડ, વ્રણ, સોજા મટાડી પકવી ગડને ફોડીને રૂઝવે છે. એના બીજનું તેલ ખસ, ખુજલી, હરસ વગેરેમાં લગાડવા વપરાય છે. લીમડાના બીનું તેલ ખાવામાં પણ વપરાય છે, તેમાં ગંધક જેવા તત્વો છે. તેનો સાબુ પણ બને છે. જે ચામડીના દર્દોમાં વપરાય છે, લગાડવામાં એનું એકલું તેલ ચચરે છે, એટલા માટે તેટલું તલનું તેલ મેળવી લગાડવું. પેટના કૃમિની દવામાં સાથે લીમડો આપવો ઉત્તમ છે. લીમડાના કવાથ વડે નાહવાથી ચામડીના દર્દો મટે છે. સુવાવડી સ્ત્રીને લીમડાનો રસ ૨.૫૦ થી ૫-૦૦ તોલા આપવાથી તાવની બીક રહેતી નથી. ભૂખ લાગે છે ગર્ભાશયનો સંકોચ થાય છે. શરીરમાં શક્તિ આવે છે. પરમીયા દર્દીને ઈંદ્રિય ઉપર સોજો આવે ત્યારે લીમડાના પાન બાફીને બાંધી શકાય છે અથવા તો લીમડાના પાનને બાફી તેના કવાથમાં દર્દીને બેસાડવામાં આવે તો પીડા સોજો મટી પેશાબ સાફ આવે છે. એવી રીતે હરસના સોજામાં કે પીડામાં તેનાં પાન બાફીને બાંધી શકાય છે. વ્રણ માટે કાચા પાન વાટી તેમાં જરા મધ ઘી નાંખી તેની પોટીશ બાંધવાથી ગમે તેવા વ્રણ કે હથિયારનો ઘા રૂઝાય છે. પંચગુણ તેલ તેની શ્રેષ્ઠ બનાવટ છે, તે લગાડવાથી ઘા કે જખમમાં તરતજ રૂઝ આવે છે. લોહી વહેતું બંધ થાય છે. બરફ જેવી ઠંડક આપે છે. ઘા રૂઝવે છે. ચપ્પુ, હથિયાર, કાંઈ પણ વાગે તો તરત જ લગાડવું, બળેલા, દાઝેલા ઉપર પણ ઉત્તમ છે, કાનની રસી બંધ કરે છે.

## રત્ન કણિકા

- સંકલન : રાજેષ વેલાણી

એટલા કડવા ના બનો જેથી લોકો થૂંકી નાખે,
એટલા મીઠા ના બનો જેથી લોકો ચાવી નાખે !

લાકડાનો અગ્નિ લાકડાને બાળે છે તેમ
દેહમાનો અગ્નિ દેહને બાળે છે !

આજના સુરજને આવતી કાલનાં વાદળ પાછળ
છુપાવવો તેનું નામ ચિંતા !

સ્વતંત્ર થાઓ પણ સ્વચ્છંદી ના થાઓ,

જેની આંખોમાં અમી તેને દુનિયા ગમી,
જેની વાણીમાં અમી તેને દુનિયા નમી !

કરકસર કરો પણ કંજુસાઈ ના કરો,
ઉદાર બનો પણ ઉડાઉ ના બનો !

કપડા ભલે જીર્ણ પહેરો દિલ કદી ફાટેલું રાખતા નહિ !

સ્વ માટે પ્રાર્થીએ તે તો માત્ર યાચના છે,
સૌ માટે યાચીએ તે જ સાચી પ્રાર્થના છે !
પ્રાર્થના આત્માનો ખોરાક છે !

# બધા જ જીવોની પરમાત્માથી પૃથક્ પોત-પોતાની સ્વતંત્ર સત્તા છે

**यस्मिन् सर्वाणि भूतान्यात्मैवाभूद्विजानतः ।**
**तत्र को मोहः कः शोकः एकत्वमनुपश्यतः ॥**

॥ यजुर्वेद ॥ अध्याय-४०। मं.सं.-७॥

अन्वयः यस्मिन् विजानतः सर्वाणि भूतानि आत्मा एव अभूत, तत्र एकत्वम् अनुपश्यतः, को मोहः कः शोकः ।

पदार्थ :- यस्मिन् = જે કાળે, विजानतः= આત્મદર્શી માટે, सर्वाणि भूतानि = સમસ્ત પ્રાણી, आत्मा एव =પોતાની જેમ જ એટલે આત્મવત્, अभूतः = થઈ જાય છે, तत्र = તે સમયે, एकत्वम् अनुपश्यतः= એકાત્મભાવનો અનુભવ કરનારને (આત્મદર્શીવૈ) कः शोकः = શું મોહ અને શું શોક.

“When, For one who has perfect knowledge of things, all beings becomes as his own self, then there is no attachment or grief for such a one who sees oneness every where”

કોઈ પણ વસ્તુને કે પદાર્થને મેળવવા માટે કરેલો પુરૂષાર્થ ફળરૂપમાં તે પદાર્થને ગુણસ્વરૂપમાં પ્રાપ્ત કરાવે છે. ન કે કોઈ પણ પદાર્થની સત્તાને નષ્ટ કરે છે. ઈશ્વરીય આનંદની અનુભૂતિ-ક્ષણમાં બીજા અનીશ્વરીય પદાર્થો સાથે સન્નિકર્ષ કે સમ્બન્ધ ન થવાનાં કારણે ફક્ત અનુભૂતિનો અભાવ છે, ન કે પદાર્થોનાં અસ્તિત્વનું જેમ સાંસારિક વિષયોની અનુભૂતિ સમયે ઈશ્વરીય ગુણોની અનુભૂતિનો જ અભાવ રહે, ન કે ઈશ્વરીય ચેતન્ય પદાર્થની સત્તાનું એકના ભાવે બીજાનું સંપૂર્ણ અભાવ માનવું મિથ્યાજ્ઞાન કે ભ્રાન્તિ છે. જીવાત્મા મન વડે એક સમયે ફક્ત એક જ વસ્તુ કે પદાર્થની અનુભૂતિ કરાવે છે, તેથી ક્રમાનુસાર વિષયો બદલાતાં અનુભૂતિનો ક્રમ પણ બદલાય છે. વર્તમાન અનુભૂતિનો ક્રમ આગત કે ગત વિષયોની સત્તાને ખંડિત કરતો નથી.

બ્રહ્મને જાણીને જીવન્મુક્ત યોગી. બ્રહ્મ જેવો જ થઈ જાય છે = ‘स यो ह वै तत्परं ब्रह्म वेद ब्रह्मैव भवति ।’ આનો સાચો અર્થ આ નથી કે બ્રહ્મવેત્તા સાચા અર્થમાં બ્રહ્મસ્વરૂપમાં રૂપાન્તરિત થઈ જાય છે.. જે બ્રહ્મને જાણીને બ્રહ્મ થયો છે, તે જ્યારે બ્રહ્મને જાણતો ન હતો ત્યારે તો બ્રહ્મ હતો જ નહિ. આ વિધાનથી બ્રહ્મનું બ્રહ્મત્વ કાળ-સાપેક્ષ થઈ જશે. ઈશ્વર અંશરૂપમાં રહેલી તમામ જીવાત્માઓ બ્રહ્મને ન જાણતાં બ્રહ્મથી પૃથક ચેતન તત્વસ્વરુપમાં રહી ક્લેશ, સકામ કર્મ, કર્મફળરુપમાં સુખ-દુ:ખ તેમજ વાસનાઓની વિચિત્ર જાળમાં ફસાયેલી છે. શું અખંડિત બ્રહ્મમાં ખંડન સંભવ છે ? ખંડિત થયેલો બ્રહ્મ જીવરૂપમાં ફસાઈ પોતાનું બ્રહ્મત્વ ખોઈ દેશે ખરો ? શું કોઈ કાળે બ્રહ્મની અખંડિતાનો અભાવ થઈ અમુક ખંડ તો બ્રહ્મત્વવાળો રહેશે અને અમુક ખંડ બ્રહ્મત્વની પતિત થઈ જીવત્વને પ્રાપ્ત કરશે ખરો ? પરમાત્મા અનાદિ-અનન્ત તત્વ છે. આવી વિચારધારા બ્રહ્મમાં કાળની સત્તા સિદ્ધ કરશે, જેથી તે પણ અનિત્ય થઈ જશે. અમુક કાળે બ્રહ્મ પોતાનું બ્રહ્મત્વ છોડી જીવ થશે, પછી જીવત્વ છોડી બ્રહ્મત્વને પ્રાપ્ત કરશે. આવી રીતે સ્વયંભૂ ઈશ્વરમાં કાળ-ક્રમે બ્રહ્મથી જીવ અને જીવાથી બ્રહ્મ થવાની ક્રિયા ચાલુ રહેશે, જે વૈદિક સિદ્ધાન્તથી તદ્દન વિપરીત અને ત્યાજ્ય છે.

જ્ઞાતા અને જ્ઞેય એક ન થઈ શકે. બ્રહ્મ અને બ્રહ્મને જાણનાર બ્રહ્મવિત્ એક કદીય ન થઈ શકે. બ્રહ્મ અને બ્રહ્મવિત્ વચ્ચેનો ગુણ-કર્મ-સ્વાભાવ આધારિત ભેદ સ્વરૂપથી અનાદિ-અનન્ત છે. ‘ઈશ્વર’ શબ્દ ઈશ્વર અને આત્મા બંને માટે પ્રયોગ થાય છે. આ મંત્રમાં આત્મા શબ્દ જીવાત્મા માટે વપરાયો છે.

‘आत्मैवाभूत’ અને ‘एकत्वमनुपश्यतः’ વડે બધા જ પ્રાણીઓમાં એક જ જીવાત્મા = જીવ = આત્માનું અસ્તિત્વ બતાવવામાં આવ્યું છે. ‘आत्मैव’ = આત્મા એવ = ‘પોતાની જેમ’ અને ‘एकत्वम् अनुपश्यतः’ = ‘એક જેવા જ સમજવું’ અભિપ્રેત છે. અહીં દ્રષ્ટાએ પોતાનામાં બીજાનું તાદાત્મ્ય અને એકત્વની ભાવના કરવાની છે. દ્રષ્ટાની ભાવનાથી દૃષ્ટ = વસ્તુ-તત્વમાં ફેરફાર થતો નથી. ફેરફાર દ્રષ્ટાની ભાવનામાં થઈ રહ્યો છે ન કે સાધ્ય=ધ્યેય પદાર્થમાં.



## વેદવાણી

-અવધેશપ્રસાદ પાંડેય (ગાંધીનગર) - ૦૨

પ્રત્યેક પ્રાણીમાં જન્મ વગેરેની વ્યવસ્થા વિવિધરૂપવાળી જોવા મળે છે. એક જ કાળ અને દેશમાં કોઈ સુખી, દુ:ખી, ધની કે નિર્ધન છે. એક જ દેહમાં રહેવાવાળી જીવાત્માની સ્થિતિ બીજા શરીરોમાં રહેવાવાળી આત્માઓથી મેળ નથી ખાતી. જો સર્વત્ર બધા શરીરોમાં એક જ આત્મા હોય તો સુખ-દુ:ખ વગેરેની દૃષ્ટિએ ભેદ ન હોવા જોઈએ. એક ને ભૂખ કે તરસ લાગે તો બધાને ભૂખ કે તરસ લાગવી જ જોઈએ. એકના ખાવા કે પાણી પીવાથી બધાની ભૂખ કે તરસ મટી જવી જોઈએ. એકની મૃત્યુથી બધા જ મરી જવા જોઈએ. એકનો મોક્ષ થાય તો બધા મુક્ત થવા જોઈએ. બધાનું બૌદ્ધિક સ્તરપણ એક સરખું જ હોવું જોઈએ. બધા જ શરીરોમાં એક જ આત્માને સ્વીકારતા બીજી બધી જ વિરોધી ઘટનાઓનો અભાવ થઈ જવો જોઈએ. આ અસંભવ થવાથી જ દરેક શરીરોમાં એક જ આત્માની સત્તાને માનવું અસંગત છે. દરેક શરીરોમાં અલગ-અલગ જીવાત્માની સત્તાને સ્વીકારવું જ વેદ અને શાસ્ત્રસંગત છે, એટલે ‘આત્મૈવાભૂત’નો અભિપ્રાય એ છે કે પ્રાણીમાત્રે પોતાની જેમ સમજીને તેમનાં સુખ-દુ:ખનું ચિન્તન કરવું જોઈએ. બધા જ જીવોની પરમાત્માથી પૃથક્ પોત-પોતાની સ્વતંત્ર સત્તા છે. આને કારણે જ બધા કર્મ કરવામાં પૂર્ણ સ્વતંત્ર અને કર્માનુસાર ફળ ભોગવવામાં એક બીજાથી સર્વદા અને સર્વથા પૃથક્ અને ફળ-વ્યવસ્થાની બાબતમાં ઈશ્વરાધીન છે. જ્યારે બહાર જોવાના નેત્ર બંધ થઈ જાય છે, ત્યારે જ આન્તરિક વિવેક-ચક્ષુ વડે યોગી પોતાની આત્માની અંદર જ પ્રભુદર્શન કરે છે. બાહ્ય ચક્ષુઓ તો સંસાર-વ્યવહાર માટે છે, પરંતુ આજે બધા જ મનુષ્યો બહિર્ચક્ષુ વડે ઈશ્વરનાં દર્શન કરવા યત્ર-તત્ર ભ્રાન્તિયુક્ત થઈ ભટકતા જોવા મળે છે. ઈશ્વર-દર્શન સમયે આખા જગતનાં દર્શનનો લોપ થઈ જાય છે અને એકમાત્ર સચ્ચિદાનન્દ સ્વરૂપ પરમાત્મા જ પ્રત્યક્ષ થાય છે. આ રીતે એકત્વનું દર્શક શોક-મોહથી ગ્રસિત કેવી રીતે હોઈ શકે ?

**નિષ્કામ કર્મમાં પ્રવૃત્ત રહેનાર વ્યક્તિની આસક્તિયુક્ત વાસના નષ્ટ થઈ જાય છે. વાસનાના અભાવે શોક કે મોહ રહેતા નથી.**

ઈચ્છા, પ્રયત્ન, સુખ-દુ:ખ વગેરે ચિન્હોને જોઈને આત્માની પ્રતીતિ થાય છે. આ લક્ષણો કે ચિન્હોથી મનુષ્યને અનુભવ થાય છે કે જેવી રીતે મારામાં ઈચ્છા, પ્રયત્ન અને સુખ-દુ:ખના ગુણો છે તેમજ બીજા પ્રાણીઓમાં રહેલી જીવાત્મામાં પણ આ જ ગુણો સહજ રીતે વિદ્યમાન છે. જેવી રીતે હું સારી કે ખરાબ અવસ્થાને પ્રાપ્ત થઈ સુખી-દુ:ખી થાઉ છું, તેવી રીતે બીજા બધા જ પ્રાણીઓ વિવિધ અનુકૂળ-પ્રતિકૂળ અવસ્થાને પ્રાપ્ત કરી સુખી-દુ:ખી થઈ રહ્યાં છે. પોતાની જેમ જ બીજામાં જોવાની ભાવના ‘સમદર્શન’ છે.

જે વ્યક્તિ પોતાની જેમ જ બીજા પ્રાણીઓનાં સુખ-દુ:ખ જોવે છે, તે પરમ યોગી છે - (ગીતા)

**આત્મૌપમ્યેન સર્વત્ર સમં પશ્યતિ યોગર્જુન ।**
**સુખં વા યદિ વા દુ:ખં સયોગી પરમો મતઃ ।।**

(ગીતા. ૩/૩૨)

પ્રત્યેક મનુષ્ય સમાજથી સહયોગ લે છે અને આપે છે. સામાન્ય માનવી સમાજથી લે છે વધારે અને આપે છે ઓછું. મહાનપુરુષો સમાજથી બહુ જ ઓછું લેતા હોય છે ઘણું વધારે આપતાં હોય છે. પોતાની જાતને હોમીને પણ બીજાને જીવન-રક્ષણ આપે છે. આવા મહાનપુરુષોની એકમાત્ર ઈચ્છા પ્રાણી માત્રના દુ:ખ-દર્દને નષ્ટ કરવાની હોય છે. દુ:ખમાં ઈશ્વર વધારે યાદ આવે છે. સંસારમાં દુ:ખની પ્રધાનતા છે. જો કોઈ પોતાના દુ:ખોથી દુ:ખી ન હોય તો બીજાનાં દુ:ખોને પોતાના દુ:ખ સમજી દૂર કરવા સંલગ્ન કે પ્રવૃત્ત થશે તો અન્તકાળે સર્વ દુ:ખોથી મુક્ત થઈ અત્યન્ત સુખરૂપ ઈશ્વરને પ્રાપ્ત થઈ શકે છે. દુ:ખથી છૂટવા બીજાઓનું દુ:ખ દૂર કરો.

‘આત્મવત્ સર્વભૂતેષુ’ નો સિદ્ધાન્ત પારિવારિક તેમજ સામાજિક-રાષ્ટ્રીય-વૈશ્વિક જીવનને સુખ-સ્થિતિમાં રાખવાની મુખ્ય ચાવી સમાન છે. પોતાના પુત્ર માટે દહેજ માંગવાવાળા પોતની દીકરીના વિવાહનું સ્મરણ કરે, વહુ સાથે વ્યવહાર કરી વખતે સાસુ પોતાની વહુ બનીને ગયેલી પુત્રીને યાદ કરે, દુકાનદાર ગ્રાહક બનીને વિચારે, મકાનમાલિક ભાડુઆત બનીને વિચારે, અધિકારી બીજા અધિકારી પાસે જવાની વાતનો વિચાર કરે, બીજાને ગાળ આપતા પહેલાં પોતે ગાળો ખાવાની ભાવનાને ઉપસ્થિત કરે વગેરે શૈલીમાં જો માણસ વિચારતો થશે તો મોટા ભાગની સમસ્યાઓનું સમાધાન થઈ જશે. કેટલાકય અન્યાયો, અત્યાચારો કે દુષ્પ્રવૃત્તિઓથી આપણે બચી શકીશું.

શોક-મોહ ચિત્તવાળા પ્રાણીઓનો સ્વભાવ સ્વધર્મના ત્યાગવાળો અને અધર્મ અને શાસ્ત્રવિરુદ્ધ કર્મોમાં પ્રવૃત્તિવાળો થઈ જાય છે. જ્ઞાનાવસ્થામાં બંનેનો અભાવ થઈ જાય છે. મોહનું મૂળ રાગ = આસક્તિ છે. જ્યાં આસક્તિ નથી ત્યાં મોહ પણ નથી. જ્યાં મોહ નથી ત્યાં સુખ-દુ:ખની ભાવના નથી રહેતી અને જ્યાં સુખ-દુ:ખની ભાવનાનો અભાવ છે ત્યાં રાગ-દ્વેષ પણ નથી કર્ત્યવ્ય જ સહજ ધર્મ છે, ફળ ઈશ્વરાધીન સમજીને તેમને જ સમર્પિત કરી દેવાનું હોય છે. નિષ્કામ કર્મમાં પ્રવૃત રહેનાર વ્યક્તિની આસક્તિયુક્ત વાસના નષ્ટ થઈ જાય છે. વાસનાના અભાવે ન શોક રહે છે અને ન મોહ. આ સ્થિતિમાં મરણશીલા મનુષ્ય ‘અમૃતપદને’ પ્રાપ્ત કરી લે છે અર્થાત્ અહીં જ આ જ જન્મમાં બ્રહ્માનંદને મેળવી લે છે. (સંપૂર્ણ)

# कौन चलाता है भारत के मीडिया ?

विद्वान एन.एस.राजाराम ने अपनी खोज के आधार पर स्पष्ट किया है कि भारत का तथाकथित मीडिया बड़े पैमाने पर विदेशी शक्तियों के द्वारा संचालित है । इस सम्बन्ध में उन्होंने एक विस्तृत सूची तैयार की है ।

केरल का प्रमुख समाचार पत्र मलयाल मनोरमा ग्रुप केरल में कोच्चि स्थित मैथ्यू परिवार के नियंत्रण में है । एन.डी.टी.वी. को स्पेन स्थित गोस्पेल्स ऑफ चैरिटी से आर्थिक सहायता प्राप्त होती है । कुछ समय पूर्व पाकिस्तान के राष्ट्रपति परवेज मुशर्रफने इस चैनल को पाकिस्तान में प्रसारित होने के छूट दी थी । जिसके परिणामस्वरुप इस चैनल ने पाकिस्तान के प्रति नरम रवैया अपना रखा है । इसी के साथ एन.डी.टी.वी. के स्वामी प्रणवराय कम्युनिस्ट पार्टी के महासचिव प्रकाश करात के रिश्तेदार भी हैं ।

सी.एन.एन. - आई.बी.इन. - सादर्न बैपटिस्ट चर्च इसे शत-प्रतिशत आर्थिक सहायता प्रदान करता है और समस्त विश्व में इसकी शाखाएँ है तथा इसका मुख्यालय अमेरिका में हैं । यह चर्च प्रतिवर्ष अपने चैनल के विस्तार के लिए ८०० मिलियन डॉलर खर्च करता है । भारत में इसके प्रमुख राजदीप सरदेसाई और उसकी पत्नी सागरिका घोष है ।

टाईम्स ग्रुप - टाइम्स ऑफ इण्डिया, मिड डे, नवभारत टाइम्स, स्टार डस्ट, फेमिना, विजय टाइम्स, विजय कर्नाटक, टाइम्स नॉउ ( २४ घंटे का समाचार चैनल ) इस ग्रुप के प्रमुख पत्र - पत्रिकाएँ या चैनल है । इस ग्रुप का स्वामित्व बेनेट एण्ड कोलमन के पास है । इस ग्रुप को ८० प्रतिशत आर्थिक सहायता वर्ल्ड क्रिश्चियन काउंसिल द्वारा प्राप्त होती है और शेष २० प्रतिशत एक अंग्रेज तथा एक इतालवी व्यक्ति द्वारा दी जाती है । इतालवी रार्वटियो मिण्डो सोनिया गांधी का करीबी रिश्तेदार है । स्टार टी.वी. इसका संचालन एक आस्ट्रेलियाई करता है जिसे मेलबोर्न स्थित सेन्ट पीटर्स पोन्टीफिशियल चर्च द्वारा सहायता प्राप्त होती है ।

हिन्दुस्तान टाइम्स - मूलरुप में यह बिरला ग्रुप के स्वामित्व में था परन्तु अब यह टाईम्स ग्रुप के साथ सहयोग में चल रहा है । द हिन्दू - १२५ वर्ष पूर्व आरम्भ हुआ यह समाचार पत्र कुछ समय पूर्व स्विटजरलैण्ड में बने जोशुआ सोसायटी द्वारा अपने हाथ में ले लिया गया था । इण्डियन एक्सप्रेस इण्डियन एक्सप्रेस और न्यू इण्डियन एक्सप्रेस में एक्टस मिनिस्ट्रीझ ( चर्च का भाग ) का काफी बड़ा अंश है ।

ईनाडू - इसका नियंत्रण अभी भी भारतीय रामोजी राव के हाथ में है ।

आन्ध्र ज्योति - हैदराबाद के प्रमुख मुस्लिम राजनैतिक दल एम.आई.एम.ने एक कांग्रेसी मंत्री के साथ मिलकर इस तेलुगु दैनिक को अभी हाल ही में खरीद लिया है ।

द स्टेट्समेन - इसका नियंत्रण कम्युनिस्ट पार्टी के हाथ में है । कैराली टी.वी. - इसका नियंत्रण मार्क्सवादी कम्युनिस्ट पार्टी के हाथ में है । मातृभूमि - मुस्लिम लीगी और कम्युनिस्ट नेताओं ने इसमें भारी निवेश कर रखा है । एशियन एज और डेक्कन क्रोमिकल - इसका नियंत्रण सउदी अरब की एक कम्पनी के हाथ में है और इसके प्रधान सम्पादक एम. जे. अकबर हैं । ( साभार : मनसा परिक्रमा )

# ઊંટગાડીના ભારવહનના કાયદા અમલી બને તે જરૂરી છે

મનુષ્યહીત - રક્ષાની જેમ પ્રાણીહીત - કલ્યાણના કાયદા અમલી છે. માનવતાવાદી - પ્રાણીહીતરક્ષક એવમ્ જીવદયાપ્રેમીઓ ગામ-શહેરોમાં ઊંટગાડીઓમાં જોડાતાં ઊંટ પાસે, કાયદાની જોગવાઈ કરતાં ખૂબ જ વધારે ભારવહન કરાવતાં હોવાનું જુએ છે ત્યારે મનોમન કરૂણતાના ભાવ જાગે છે, તે માટે કાયદાકીય જોગવાઈ જાણવાની ઈચ્છા કરે છે. આ વિષયના ભારત સરકાર માન્ય આણંદ સ્થિત પ્રાણીકલ્યાણ માસ્ટર ટ્રેઈનર ડૉ. અરવિંદકુમાર શેઠ જીવદયાપ્રેમીઓ અને સત્તાવાળાઓ જોગ માહિતી આપતા જણાવે છે કે ભારત સરકારના પ્રાણી ક્રુરતા નિવારણ અધિનિયમ-૧૯૬૦ હેઠળ ભારવહનકર્તા પ્રાણીઓ પ્રત્યેની ક્રુરતા નિવારણના નિયમો મુજબ નીચે દર્શાવેલ કૃત્ય ગુન્હાપાત્ર, સજાપાત્ર છે.

- હવા ભરેલાં ચાર પૈડાવાળી, ખાલી ઊંટગાડીના વજન સાથે કુલ ૧૫૦૦ કિલોથી વધારે વજન ભરવું - ખેંચાવવું, ગુન્હાપાત્ર છે, સજાપાત્ર છે.
- એક દિવસમાં કુલ નવ ક્લાકથી વધુ કામ લેવું, ગુન્હાપાત્ર છે, સજાપાત્ર છે.
- સળંગ પાંચ ક્લાકથી વધારે કામ લેવું, ગુન્હાપાત્ર છે, સજાપાત્ર છે.
- તાપમાન ૩૭ ડીગ્રી સે. થી વધારે હોય ત્યારે બપોરે ૧૨ થી ૩ સુધીમાં કામ લેવું, ગુન્હાપાત્ર છે, સજાપાત્ર છે.



- ઊંટગાડી ચાલતી ન હોય ત્યારે ઊંટને ગાડી સાથે જોતરી રાખવું કે પીઠ ઉપરનો કઠેડો બાંધી રાખવો, ગુન્હાપાત્ર છે, સજાપાત્ર છે.
- શરીર ઉપર પીડાજનક ઈજા હોવા છતાં ઊંટ પાસે કામ લેવું, ગુન્હાપાત્ર છે, સજાપાત્ર છે.
- અણીવાળો પરોણો, ચાબુક વાપરવું, ગુન્હાપાત્ર છે, સજાપાત્ર છે.
- ઊંટ માલિકો, સત્તાવાળાઓ અને જીવદયા પ્રેમીઓ, આવા માનવતાવાદી કાર્યમાં સજાગતા દાખવી અબોલ જીવોની વ્હારે આવે તે ખૂબ જ આવકાર્ય છે.

# ઠંડીના સુસવાટા અને અંગ દઝાડતી ગરમી અને વરસતો વરસાદ બ્રહ્મદેશની એક પણ ઋતુ બે ઘડી સુખ લેવા દેતી નહોતી



**ભારતની સ્વતંત્રતાના વીર નાયક**

**સુભાષચંદ્ર બોઝ**

**-ચૈતન્ય દેસાઈ (૭)**

જેલવાસને સુભાષબાબુએ ચિંતન, મનન અને તિલક ગીતાનું અધ્યયન કરવાની તકમાં ફેરવી નાંખ્યો. તેણે ધર્મ અને તત્વજ્ઞાન, ઈતિહાસ, રાજયશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, કેળવણી, નાગરિક વિકાસ જેવા વિષયોનું અધ્યયન અને લેખન કાર્ય કર્યુ. દુર્ગાપૂજાનો ઉત્સવ ઉજવવા ઉપવાસ પર ઉતર્યા. ૧૯૨૬ની ૨૦મી ફેબ્રુઆરીએ કેદીઓએ ઉપવાસ કર્યા. ચોથી માર્ચે સમજૂતી થઈ. આ રીતે દુર્ગાપૂજાને કારણે આનંદોત્સવ માનવવાની જે તક હતી તે માટે સરકાર સાથે લડાઈ કરવી પડી. આ રીતે તેમને આત્મોન્નતિ કરવાની તક મળી. ત્યાગ અને તપશ્ચર્યા પર તેમને જે વિશ્વાસ હતો તે ઘણો વધી ગયો. મંડાલાની જેલ એક મજબૂત કિલ્લા જેવી હતી. એની ચારે બાજુ પાણી ભરેલી ખાઈ હતી. કારગારની અંદર દિવાલો ન પથ્થરની હતી, ન ઈંટની. લાકડાની છત અને લાકડાની ભોંય કેદીઓ માટે લાકડાના ખુલ્લાં પિંજરા હતાં. ઠંડીના સુસવાટા અને અંગને દઝાડતી ગરમી અને વરસતો વરસાદ બ્રહ્મદેશની એક પણ ઋતુ બે ઘડી સુખ લેવા દેતી નહોતી. સુભાષચંદ્રે લોકમાન્યનો વાર્ડ ઘણીવાર જોયેલો. 'અહીં આટલી ઠંડીના સૂસવાટાને અને ગરમીની લાયને વેઠીને આ મહાપુરુષે કઈ રીતે 'ગીતા રહસ્ય' લખ્યું હશે? એવો વિચાર એમને ઉદ્દ્ભવ્યો.

મંડાલાની મુલાકાત લેવામાં પણ કેટલી મુશ્કેલી ! વરસાદ ઓછો થાય તો ધૂળની ડમરી ચડે. કેટલાય લોકો દર વર્ષે ઈશ્વરની સાક્ષીએ કાળને શરણે થતાં. એમાંથી જે બચે એમનો જીવ લેવા પ્લેગના ઉંદરો હતા જ . આવા ત્રાસદાયક વાતાવરણમાં સુભાષનું શરીર કથળી ગયું હતું. મંડાલામાં આવ્યા ત્યારથી એમનું પેટ વિકારને કારણે બગડયું હતું. ચારપગા જાનવરની જેમ આ લાકડાના પિંજરામાં આવરદાના હજી કેટલાં વર્ષ કાઢવાનાં ? દિવસ પસાર કરવા રાજબંદીઓ બિલાડી, પોપટ, મેના, કબૂતરો જોડે મજા મસ્તી કરતાં. કેટલીકવાર મનમાં ગટર ગુ. બોલે જગતમાં જેણે જેલની શોધ કરી હશે એ માણસ કેટલો ઘતકી હશે ! બે મહિનામાં એમનું અગિયાર કિલો વજન ઉતરી ગયું હતુ. તેઓ એકદમ દૂબળા પડી ગયા હતા.

સુભાષની ધરપકડ થવાથી દેશબંધુ ઉદ્વિગ્ન થઈ ગયા. એમની ઉંઘ હરામ થઈ ગઈ. એમનું ક્યાંય ચિત્ત ચોટે નહિં. સુભાષની યાદ એમને સતત સતાવતી હતી. પરંતુ થોડા જ વખત પછી ૧૯૨૫ના જુન માસમાં દેશબંધુદાસબાબુનું અવસાન થયું. દાસનો મૃતદેહ ટ્રેઈન દ્વારા કલકત્તા લાવવામાં આવ્યો. આખું બંગાળ શોકસાગરમાં ડૂબ્લું હતું. અઢી માઈલની અંતિમ યાત્રામાં બે લાખ લોકો જોડાયા હતા. રસ્તા પર, તારના થાંભલા પર, ટ્રામની છત પર અને ઝરૂખામાં રાહ જોતાં અસંખ્ય સ્ત્રી પુરુષો બેઠાં હતાં. સાથે ભજન-કિર્તન ચાલુ હતાં. પુષ્પોનો વરસાદ થઈ રહ્યો હતો. શબ ખુલ્લું હતું. પણ તેના ઉપર ફુલોના હારનો પહાડ છવાઈ ગયો હતો. યાત્રાની આગળ સ્વયંસેવકો ફુલવાડી લઈને ચાલી રહ્યા હતા. યાત્રા સ્ટેશનથી ૭-૩૦ વાગ્યે શરૂ થઈને સ્મશાનમાં ત્રણ વાગ્યે પહોંચી. આથમતા સૂર્યની સાક્ષીએ ઘાટ પર ચિતા રચાઈ. માનવ મહેરાણ શોકાકુલ નદી સામે સજળ નેત્રે જોઈ રહ્યો હતો. બાજુમાં ગાંધીજી બેઠા હતા. મંત્રાગ્નિ અપાયો. આગની જ્વાળા સાથે આંસુઓની નદી વહેતી હતી. સૌ ડૂસકે ચડ્યા હતા. શોકાકુલ ગાંધીજીને મેજદા અને મૌલાના સાંત્વન આપતાં હતાં. ગાંધીજી અશ્રુ સારતાં બોલ્યા, 'દેશ તો ભાંગી પડ્યો, પણ બંગાળની હાલત તો આજે કોઈ યુવાન વિધવા જેવી થઈ ગઈ છે. છ વર્ષ પહેલાં લોકમાન્ય ટિળકને કાળ કોળિયો કરી ગયો ત્યારે હું નિરાધાર થઈ ગયો હતો. ત્યારે હિંદુ-મુસલમાન એકમેકના ગળામાં હાથ પહેરાવીને સુખેથી જીવતા હતા. પણ આજે છરી ચાકુ લઈને બંને ધર્માંધો એકમેકની છાતી પર ચઢી જવા ઉન્માદી બન્યા છે એ જ વખતે બે ધર્માંધો વચ્ચે દેશબંધુ સ્વરૂપે રચાયેલો સેતુ કડડભૂસ થઈ ગયો ! પહાડ જેવા એક માણસને આપણે ગુમાવ્યો. હવે હિંદુસ્થાનને કોણ સંભાળશે ?

(ક્રમશઃ)

# નવો દિવસ નવું જીવન નવું પ્રભાત નવું જીવન

**આધ્યાત્મિક ચિંતનની પળો**

-આચાર્ય સત્યજીતજી અનુ. : વર્ષા દવે (ગાંધીનગર)

પ્રભુ કૃપાથી આપણને પ્રગતિ માટેના ઉત્તમ સાધન પ્રાપ્ત થયા છે. ઉત્તમ શરીર, ઉત્તમ મન, ઉત્તમ બુદ્ધિ, ઉત્તમ જ્ઞાન, ઓછી-વધતી માત્રામાં કર્મ અનુસાર પ્રાપ્ત થયેલાં છે. કદાચ આપણાં પુર્વક્રમ અનુસાર આ સાધન થોડા ઓછા ઉત્તમ છે તો પણ તેને અધિક ઉત્તમ બનાવવા માટે સુધારવા માટેનું સામર્થ્ય-અવસર પણ આપણને મળ્યો છે.

ઈશ્વરે મુક્તિમાંથી/મુક્તિ બાદ જન્મ લેનાર આત્માઓને તો એક સમાન સાધન અને એકસમાન અવરસ આપ્યો હતો. જે સાધનો અને અવસરમાં ઉત્તમ બનવા-બનાવવાનું ઉત્તમ સામર્થ્ય પણ આપ્યું હતું. તેથી જ તે સામાન્ય અને એકસમાન હોવા સાથે / હોવા છતાં પણ તે ઉત્તમ જ હતાં.સર્વજ્ઞ અને સર્વશક્તિમાન અનુપમ પ્રભુની આ કૃપા પણ ઉત્તમ અને અનુપમ જ હતી ! પ્રભુએ મનુષ્યને કર્મની સ્વતંત્રતાનો અનુપમ અવસર આપીને એમાં ચાર ચાંદ લગાવી દીધા.

પ્રભુ કૃપાથી અનુપમ સાધનોથી ભરેલી સૃષ્ટિ પણ મળી. તેના ઉપયોગ અને કર્મ અનુસાર આપણે સંસ્કાર અને કર્માશય બનાવ્યા. તેના ફળસ્વરૂપ અનુરૂપ સાધનો અને અવસરોની વધઘટ પણ થઈ. સાધનો અને અવસરોની ગમે તેટલી કમી હોય, પુનઃ પુનઃ નવું કરી શકવાની સંભાવના અને સામર્થ્યને કારણે આ સાધનો અને આ અવસર ઉતતમ અને અનુપમ છે. અલ્પજ્ઞ, અલ્પ શક્તિમાન આત્મા ભલેને ગમે તેટલી મોટી ભૂલ કરી દે, યા ભલેને ગમે તેટલો મોટો દોષ કરી દે, તેને ફળ (દંડ) ભોગવવા રૂપે પુનઃ સુધારો અને પ્રગતિનો અવસર સદાય મળતો રહે છે. પ્રભુની આ સર્વોચ્ચ કૃપા છે.

પાછળના સમય અથવા પાછલા જીવનમાં આપણે શું શું ખોટું કરી દીધુ તે વિચાર દુઃખદાયી હોય છે. સ્વકૃત પાપકર્મોની સ્મૃતિથી દુઃખ થવું એ ઉન્નતિનું દ્યોતક છે. આપણા દોષની પ્રસિદ્ધિ થવાથી આપણને બહુ કષ્ટ થાય છે. આપણી સાથે અન્યોનો વ્યવહાર બદલાઈ જાય છે, આ પણ આપણા સુધાર અને પ્રગતિમાં બહુ જ સહાયક છે. વિતેલ ક્ષણોમાં જે દુષ્કર્મો કર્યા હોય તે આપણી લજ્જા / શરમનું કારણ હોવા છતાં પણ નવા પુરુષાર્થ અને આત્મવિશ્વાસની ભૂમિકા બનાવે છે.

પતિત આત્માને પણ પ્રભુકૃપાથી ફળ ભોગવ્યા બાદ સદાયે નવો અવસર આપવામાં આવે છે. પાછલા દિવસો કે પાછલું જીવન ગમે તેટલું લજ્જિત હોય, ગમે તેટલું અપયશ દેનારું હોય, ગમે તેટલું નિંદનીય હોય પણ નવો દિવસ અને નવું જીવન સદાય નવી આશા અને અવસર લઈને આવે છે. તે ઉન્મુખ થઈને કહે છે :- "હે આત્મા ! હું તારી સામે ઉભો છું, તું મારો જેટલો વધુ અને જેટલો સારો ઉપયોગ કરી શકે, કરી લે. હું તને જરાય નહિં રોકું, જરાય ટોકીશ નહીં, ઉઠાવ લાભ જેટલો ઉઠાવવા માંગતો હોય." વિતેલો દિવસ ચાહે જેવો પણ હોય, પરંતુ નવો દિવસ પૂર્ણતઃ નવો છે. વિતેલો દિવસ / પાછલો દિવસ આપણે વ્યર્થ જવા દીધો હોય તો પણ નવો દિવસ પુનઃ સાર્થક કરવા માટે મળી ગયો છે.

પ્રભુકૃપાથી આપણે પાછલા કટુ અનુભવોને એકબાજુ રાખીને, તેનાથી પીડિત થતા ગયા વિના તેમાંથી શિક્ષા-અનુભવનો લાભ લઈને નવું જીવન નવીન પ્રકારે શરૂ કરી શકીએ છીએ નવીન દિવસને મધુર-અનુભવવાળો બનાવી શકીએ છીએ. પાછલા અનુભવોનો લાભ લઈને નવા દિવસે પુનઃ પુરુષાર્થ કર્યો હોય, તો એ પુરુષાર્થ પણ સંતોષ આપનાર હોય છે. પરિણામ ભલે ગમે તે આવ્યું હોય, જો નવા દિવસમાં પણ ભૂલ / ક્ષતિ થઈ ગઈ તો પણ તે શીખ અને અનુભવ તો કરાવી ગઈ. પ્રભુકૃપાથી નવો દિવસ ફરીથી પ્રાપ્ત થશે, પુનઃ નવો અવસર મળ્યો છે તો પુનઃ પ્રગતિ કરી શકીએ છીએ, પુનઃ સુધારો કરી શકાય છે.

નવો અવસર મળવો એ નવું જીવન મળવા જેવું છે. નવા જીવનનું મળવું, નવા અવસરને મળવા સમાન છે. નવો દિવસ એક નવું જીવન છે. નવા દિવસને નવું જીવન બનાવવું છે. પ્રભુની કૃપા છે કે તેણે આપણને આવું સામર્થ્ય બક્ષ્યું છે. આપણે આ સામર્થ્યનો સદુપયોગ કરવાનો છે. નવો દિવસ નવું જીવન બનવા માટે સુસજજ છે, પ્રભુની કૃપા આપણને આજે પણ મળી રહી છે, ઉપલબ્ધ થઈ રહી છે.

# तेजोऽसि तेजो मयि धेहि। वीर्यमसि वीर्यं मयि धेहि। बलमसि बलं मयि धेहि। ओजोऽस्योजो मयि धेहि। मन्युरसि मन्युं मयि धेहि। सहोऽसि सहो मयि धेहि।।

(यजु.अ.१९/मं.९)

**ઋષિ દયાનંદ વેદ-પદાર્થ, ભાવાર્થ, વ્યાખ્યાન પ્રદિપ**

૩૨ સંકલન : સ્વામી ધ્રુવદેવજી પરિવ્રાજક ઉપાધ્યાય, દર્શન યોગ મહાવિદ્યાલય, રોજડ

**व्याख्यान** –

(**तेजोऽसि तेजो मयि धेहि**) हे स्वप्रकाश अनन्त तेज परमेश्वर ! आप अविद्यान्धकार से रहित हो, किंच सत्यविज्ञान तेजस्वरूप या अनन्त विद्यादि गुणों से प्रकाशमय हो, मेरे हृदय में भी कृपा से विज्ञानरूप प्रकाश कीजिए 'या मुझ में भी असंख्यात तेज विज्ञान धारण कीजिए। जिससे मैं निस्तेज, दीन और भीरू कहीं कभी न होऊँ। (**वीर्यमसि वीर्यं मयि धेहि**) हे जगदीश्वर ! आप अनन्त पराक्रमयुक्त हैं, कृपा से मुझ को भी शरीर बुद्धि शौर्य स्फूर्ति आदि वीर्य अर्थात् पूर्ण पराक्रम स्थिरता से दीजिए। (**बलमसि बलं मयि धेहि**) हे महाबलेश्वर ! आप अनन्त बल वाले हैं, आप अपने अनुग्रह से मुझको भी शरीर और आत्मा में पूर्ण बल या उत्तम बल दीजिए। (**ओजोऽस्योजो मयि धेहि**) हे सर्वशक्तिमान् ! आप अनन्त या सब सामर्थ्य के निवास स्थान है, अपनी करुणा से यथोचित सामर्थ्य या पूर्ण सामर्थ्य का निवास स्थान मुझको भी सदैव कीजिए (**मन्युरसि मन्युं मयि धेहि**) आप दुष्टकाम व दुष्टों या दुष्ट जीवों पर क्रोधकारी हैं, मुझ में भी अपनी सत्ता से वैसा स्वभाव रखिए। (**सहोऽसि सहो मयि धेहि**) हे अनन्त सहन स्वरूप या सबके सहन करने हारे सहनशील ईश्वर ! आप निन्दा, स्तुति व स्व - अपराधियों को सहन करने वाले हैं या आप जैसे पृथिवी आदि लोकों के धारण और नास्तिकों के दुष्ट व्यवहारों को सहते हैं वैसे ही सुख-दुःख, हानि लाभ, सर्दी-गर्मी, भूख-प्यास और युद्धादि का सहने वाला मुझ को भी कीजिए अर्थात् सब शुभ गुण मुझ को देके अशुभ गुणों से सदा अलग रखिये या शरीर, इन्द्रिय, मन, और आत्मा इनके तेजादि गुण कभी मुझ में से दूर न हो, जिससे मैं आपकी भक्ति का स्थिर अनुष्ठान करूँ और आपके अनुग्रह से संसार में भी सदा सुखी रहूँ।

(ऋ.भा. भूमिका + स.प्रकाश + आर्याभिविनय)

(क) **पदार्थ** –

हे सकल शुभगुणकर राजन् ! (**तेजो.**) जो तेरे में तेज या प्रागल्भ्य है. उस तेज को मेरे में धारण कीजिए (**वीर्यमसि.**) जो तेरे में पराक्रम या सर्वाङ्गस्फूर्ति है. उस पराक्रम को मुझ में धरिये (**बलमसि.**) जो तेरे में बल या सर्वाङ्गदृढ़त्व हैं. उस बल को मुझ में भी धरिये (**ओजोस्यो.**) जो तेरे में प्राण का सामर्थ्य या महाप्राणवत्त्व है. उस सामर्थ्य को मुझ में धरिये (**मन्युरसि.**) जो तुझ में दुष्टों पर क्रोध है उस क्रोध को मुझ में धरिये (**सहोऽसि.**) जो तुझ में सहनशीलता है उस सहनशीलता को मुझ में भी धारण कीजिए।

(ऋ.दया. कृत यजुर्वेदभाष्य अ.१९/मं.९)

**भावार्थ** –

सब मनुष्यों के प्रति ईश्वर की यह आज्ञा है कि जिन शुभ गुण कर्म स्वभावों को विद्वान् लोग धारण करें उनको औरों में भी धारण करावें और जैसे दुष्टाचारी मनुष्यों पर क्रोध करें वैसे धार्मिक मनुष्यों में प्रीति भी निरन्तर किया करें। (ऋ.दया. कृत यजुर्वेदभाष्य अ.१९/मं.९)

**टिप्पणी** :-

(क) ईश्वर की मनुष्यों को आज्ञा है कि वे विद्वान्, सामर्थ्यवान्, उत्साही, बलवान्, सहनशील बनें व दुष्ट मनुष्य तथा दुष्ट कर्मों पर क्रोध करने का स्वभाव धारण करें। इन गुणों को धारण करने के लिए मनुष्यों को अपने पुरुषार्थ के उपरान्त ईश्वर की सहायता के लिए प्रार्थना करनी चाहिए। ये गुण तो उपलक्षणमात्र हैं इनके अतिरिक्त अन्य शुभ गुण, कर्म, स्वभावों को भी मनुष्यों को धारण करना चाहिये।

(ख) अन्य मनुष्यों को भी श्रेष्ठ गुण, कर्म, स्वभावों का ज्ञान कराके उन्हें धारण कराना चाहिये।

(ग) ईश्वर में भिन्न-भिन्न प्रकार के पदार्थों यथा सूर्य, पृथिवी, अन्तरिक्ष, वायु, इन्द्रियाँ, अग्नि, जल, विविध प्राणियों के शरीरादि को बनाने के सामर्थ्य हैं व इनकी रक्षा करने के सामर्थ्य भी हैं।

(घ) ईश्वर में क्रोध विद्यापूर्वक होता है, वे हित की दृष्टि से दुष्टों की ताड़ना करते हैं। मनुष्यों में क्रोध अविद्या से भी उत्पन्न होता है, वहाँ दूसरे को दण्ड देते समय उसके हित की भावना नहीं रहती।

(ङ) सृष्टि के प्रारम्भ से लेकर प्रलय पर्यन्त बड़े-बड़े भारी भरकम लोक लोकान्तरों को धारण करने व नियम में रखने से अनुमान होता है कि ईश्वर में अत्यन्त बल है।

(च) नास्तिकों के दुष्ट व्यवहारों को सहने का तात्पर्य है कि दुष्ट व्यवहारों को जानकार भी उनका अहित न चाहना। हित की भावना से नास्तिकों को उनके दुष्ट व्यवहारों का दण्ड तो ईश्वर द्वारा दिया ही जाता है।


(क) यहाँ राजा या विद्वान् से प्रार्थना की गई है।

(ક્રમશઃ)

# ઈશ્વર જે કંઈ કરે છે તે બધું જીવોના કલ્યાણ માટે જ કરે છે

**સત્યોપદેશ - ૨**

ઉપદેશક - સ્વામી સત્યપતિજી અનુ.- જયાબેન પોરિયા (યુકે) ૦૩



૧૭ **विष्णोः कर्माणिपश्यतयतोव्रतानि पस्पशे। इन्द्रस्ययुज्य : सखा ॥**

તે સર્વ વ્યાપક ઈશ્વરના કર્મો ( જગતની ઉત્પત્તિ, સ્થિતિ, પ્રલય વગેરે)ને જુઓ. જેની સહાયતાથી, આપવામાં આવેલા સામર્થ્યથી જ આપણે લોકો બ્રહ્મચર્ય વગેરે તથા સત્યભાષણ વગેરે વ્રત અને ઈશ્વરના નિયમોનું અનુષ્ઠાન કરવામાં સમર્થ બન્યા છીએ. તે ઈશ્વર નિશ્ચયથી જીવાત્માના એક યોગ્ય મિત્ર છે, અન્ય કોઈ નથી કારણ કે ઈશ્વર જીવનો અંતર્યામી છે, તેનાથી મોટો કોઈ અધિકારી બીજો કોઈ હોઈ શકે નહીં. જ્યારે મનુષ્ય આ પ્રકારે પોતાના પ્રત્યેક કાર્યમાં ઈશ્વરની સહાયતા જુએ છે ત્યારે તેની ઈશ્વરમાં શ્રદ્ધા, રુચિ, પ્રેમ વધે છે. તે ઈશ્વરના તુલ્ય અથવા અધિક કોઈપણ પદાર્થને માનતો નથી.

૧૮. જ્યારે મનુષ્ય ઈશ્વરને જ પ્રલય કરનારા જુએ છે ત્યારે તેને ખ્યાલ આવે છે કે ઈશ્વર કેટલો બળવાન છે.

૧૯. જ્યારે મનુષ્ય ઈશ્વર ઈશ્વરને જ બધા પદાર્થોનો સ્વામી માને છે ત્યારે સઘળા પદાર્થોનો પ્રયોગ ઈશ્વરની આજ્ઞાથી જ કરે છે.

૨૦. વ્યક્તિ જ્યારે સર્વસ્વ ઈશ્વરનું જ માને છે ત્યારે જ બીજા બધાંનો ઉપકાર કરે છે. જો પોતાનું માનેમ તો કેવળ પોતાનો જ ઉપકાર કરે.

૨૧. ઈશ્વર સારાં-નરસાં તમામ કર્મ જે મન-વચન-કર્મથી કરવામાં આવે છે તેનું ન્યાયયુક્ત ફળ આપશે જ. એવું અનુભવમાં આવવાથી મનુષ્ય મનથી ખરાબ કર્મ કરવાની ઈચ્છા કરતો નથી અને ધર્મને પણ કદી છોડતો નથી.

૨૨. આ પક્ષીઓને જુઓ. કેવા અલગ અલગ પ્રકારના અવાજ કરી રહ્યા છે, આપણને ખબર નથી પડતી કે તેઓ પ્રસન્ન છે કે દુઃખી, કોઈને બોલાવી રહ્યા છે કે ભયભીત થઈ રહ્યા છે અથવા પ્રતિયોગિતા કરી રહ્યા છે? એ નથી જાણતાં કે અમારં જીવનનું લક્ષ્ય શું છે, અમને આ જીવન કેમ મળ્યું છે, કોણે આ શરીર આપ્યું છે ? પરંતુ આ તમામ વસ્તુ સ્થિત ઈશ્વરને સિદ્ધ કરી રહી છે કે તે કોઈ ચેતન સત્તા છે.

૨૩. ઈશ્વર જે કંઈ કરે છે તે બધું જીવોના કલ્યાણ માટે જ કરે છે. પોતાને માટે તલમાત્ર પણ કરતાં નથી. શું એવો કોઈ હિતકારી, પરોપકારી મનુષ્ય હોઈ શકે ખરો ?

૨૪. ઈશ્વરની વ્યવસ્થાને તો જુઓ ! જેમ કે એક અન્નનો દાણો જમીનમાં વાવો તો સેંકડો દાણા ફળ રૂપે ઈશ્વર આપે છે. આ ઈશ્વરનો ન્યાય છે. એવી જ રીતે સારું-નરસુ કાર્ય કરીએ છીએ તેનું પણ કેટલાય ગણું કર્મ-ફળ સુખ-દુઃખના રૂપમાં મળે છે. જેવી રીતે કોઈ એ કોઈની સાથે દ્વેષ કરેલો હોય ત્યારે તે સમયે ઈશ્વર ફરફથી ભય, શંકારૂપી દુઃખ મળી જાય છે અને તેના સંસ્કાર બની જાય છે. તે સંસ્કારને કારણે તે વ્યક્તિ જ્યારે બીજી વાર સામે આવે છે ત્યારે ફરી દ્વેષના સંસ્કાર ઉભરાઈને દુઃખ આપે છે. આગળ પણ ત્યાં સુધી ચાલતું રહેશે જયાં સુધી સંપ્રજ્ઞાત સમાધિથી તે સંસ્કારોને નષ્ટ કરી દેવામાં ન આવે. અન્યથા પછી તે ખરાબ અર્થાત્ દ્વેષરૂપી સંસ્કારને કારણે આગલા જન્મમાં જુદી-જુદી યોનિઓમાં દુઃખ ભોગવવું પડશે. એવી જ રીતે તમામ કલેશોના વિષયમાં સમજી લેવું જોઈએ.

૨૫. અલગ-અલગ યોનિઓમાં જે જુદા-જુદા પ્રકારનાં શરીરો છે, તે બધાં જે ન તો કોઈ વૈજ્ઞાનિક, ન કોઈ જીવાત્મા, કે ન પ્રકૃતિ સ્વયં બનાવી શકે તેમ છે. અભાવથી ભાવ ઉત્પન્ન થતો નથી. તે બધાં જ જાણે છે. છતાં પણ આ કાર્ય જોવામાં આવે છે. તેથી અભિપ્રાય એ નીકળી શકે તેમ છે કે કોઈને કોઈ એવું છે જે આ પદાર્થોને નિયમમાં ચલાવી રહ્યું છે. તે પદાર્થ ભલે આપણને દેખાય નહીં, પરંતુ આ વાત નિશ્ચિત છે કે કોઈને કોઈ તો છે જ. તેને ચાહે તો ઈશ્વર અથવા કોઈ પણ નામથી કહી શકો. જ્યારે મનુષ્ય આ પ્રકારે વિચાર-મંથન કરીને અંતિમ નિર્ણય સુધી પહોંચે છે ત્યારે આ નિશ્ચય ઉપર આવે છે કે આ સમસ્ત સૃષ્ટિનું નિયમન કરનાર ઈશ્વર જ છે. બીજું કોઈ હોઈ જ ન શકે.

૨૬. જેવી રીતે આકાશમાં સૂક્ષ્મ વાયુ રહે છે અને ધીરે-ધીરે ગતિ કરે છે અથવા જ્યારે બીજી કોઈ ક્રિયા થાય છે ત્યારે તેનાથી આપણને કોઈ અસર થતી નથી. તમામ કાર્ય યથાવત ચાલતું રહે છે. તેવી જ રીતે જીવ અને પ્રકૃતિથી પણ સૂક્ષ્મ ઈશ્વર આ બધાંની અંદર-બહાર વ્યાપક છે અને પોતાની અનંત શક્તિથી બધાંનું નિયમન કરતાં રહે છે. હાલ્યા-ડુલ્યા વગર પ્રકૃતિના પરમાણુઓને પોતાની શક્તિથી ગતિ દેતાં રહી સંસારનું નિર્માણ, પાલન અને પ્રલય કરે છે. આ ઈશ્વરમાં આ સંપૂર્ણ કાર્ય-જગત રહે છે અને પ્રલય પછી પણ તેમાં સૂક્ષ્મરૂપે રહે છે. એવી જ રીતે ઈશ્વર સમસ્ત જીવોમાં વ્યાપ્ત થઈને સહજ સ્વાભાવથી બધાને જોઈ-સાંભળી-જાણી રહ્યાં છે. જ્યારે મનુષ્ય એવા ઈશ્વરને જાણીને સર્વ-સમર્પણ કરે છે, તેમને પ્રાણ-પ્રિય, પ્રાણ આપનાર અને સર્વના પિતા માને છે ત્યારે કોઈ પ્રત્યે કોઈ દુર્વિચાર ઉત્પન્ન કરતો નથી, તેમજ અધર્મ પણ કરતો નથી.

(ક્રમશઃ)

# નખત્રાણાના કેસરાણી આર્ય પરિવારમાં જન્મોત્સવની ઉજવણી ઉત્સાહભેર સંપન્ન

**નખત્રાણા**

સંત ઓધવરામ વૈદિક ગુરુકુળ ભવાનીપુરના આચાર્ય સ્વામી શાંતાનંદજીની અધ્યક્ષતામાં ગુરુકુળથી પધારેલા ભજનોપદેશક શ્રી વલ્લભપ્રસાદ (છત્તીસગઢ) તથા નખત્રાણાના કેસરાણીની પૌત્રીના આ જન્મદિવસના અવસર પર સૌપ્રથમ સ્વામી શાંતાનંદજી દ્વારા બૃહદ યક્ષની સાથે જન્મદિવસની આહુતિ શ્રી પ્રવિણભાઈ તથા તેમના ધર્મપત્નિ દ્વારા અપાવવામાં આવી હતી તથા ભજનો પ્રસ્તુત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે શ્રી જગદીશભાઈ કેસરાણીના સુપુત્ર શ્રી પ્રણવે ઢોલક વગાડીને શ્રી વલ્લભપ્રસાદજીનો સાથ આપ્યો હતો.

સાંજના સત્રમાં સ્વામી હતો. ભજનોપદેશના કાર્યક્રમ બાદ સ્વામી શાંતાનંદજી દ્વારા સંધ્યાના મંત્રોના અર્થ સમજાવવામાં આવ્યા હતા. અને ઉપસ્થિત તમામ લોકોને નિયમિત રીતે સવારે અને સાંજે ધ્યાન-સંધ્યા કરવા અનુરોધ કર્યો





માતા કસ્તૂરમા કેસરાણી ના પરિવાર જનોની હાજરીમાં જન્મદિવસ સમારોહ ઉલ્લાસભેર મનાવવામાં આવ્યો હતો.

શ્રી ગોપાલભાઈ યજ્ઞના સમાપન સમયે ઉપસ્થિત તમામ માતા અને બહેનો તથા પુરુષોએ ગાયત્રી મંત્રની આહૂતિ પ્રદાન કરી હતી. યજ્ઞ બાદ શ્રી વલ્લભપ્રસાદજી દ્વારા સુંદર શાંતાનંદજી દ્વારા યોગ-ધ્યાનનું પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું. રાત્રી ભોજન બાદ શ્રી વલ્લભપ્રસાદજી દ્વારા ભજનોપદેશ આપવામાં આવ્યો હતો. આ પ્રસંગે અબડાસા વિસ્તારના પૂર્વ ધારાસભ્ય તથા વૈદિક પરિવારના શ્રી છબીલભાઈ પટેલ પરિવાર સાથે ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

# આત્મનિરીક્ષણ કરી જીવનમાં શ્રેષ્ઠ અને શુભ કર્મો તરફ ગતિ કરવી જોઈએ : શ્રી ચંદ્રેશજી આર્ય

**શિરવા**

માતા કંકુબેન રામજી હરદાસ વાડીયા પરિવાર 'પંચવટી ફાર્મ', શિરવા, માંડવીના સુપુત્ર શ્રી લીલાધરભાઈ અને મંજુલાબેનના સુપુત્રી ચિ. જાગૃતિ વાડીયાઓ વિવાહ પૂર્વેનો અંતિમ જન્મદિવસની ઉજવણીનો એક ખાસ વિશેષ કાર્યક્રમ પંચવટી ફાર્મ-શિરવા ખાતે તાજેતરમાં જ પંચ કુંડીય યજ્ઞ કરી ઉત્સાહભેર યોજાઈ ગયો.

સમગ્ર કાર્યક્રમ અને પંચકુંડી યજ્ઞના બ્રહ્મા તરીકે કચ્છના જાણીતા વૈદિક પ્રચારક શ્રી ચંદ્રેશજી આર્ય ખાસ ગાંધીધામથી પધારી પોતાના જ્ઞાન-વિજ્ઞાનનો લાભ આપ્યો હતો. સમગ્ર કાર્યક્રમની વિશેષતા એ હતી કે ફેબ્રુઆરી માસમાં આવતા દરેક સભ્યના જન્મદિવસની ઉજવણી સાથે કરી પંચકુંડી હવન કરી શ્રી લીલાધરભાઈ શ્રી પ્રવિણભાઈ, સુશ્રી નિરાલી, સુશ્રી આહુતિ અને સુશ્રી જલકનો જન્મદિવસની સામૂહિક રીતે ઉજવવામાં આવ્યો હતો.

પરિવારના મોભી શ્રી રામજી હરદાસ વાડીયાએ ઈશ્વર સ્તુતિ, પ્રાર્થના, ઉપાસનાના આઠ મંત્રોના હિન્દીમાં વિસ્તૃત અર્થ સહિત પાઠ કરાવ્યા હતા. આ પ્રસંગે પંચવટી ફાર્મમાં વૃક્ષારોપણ પણ કરાયું હતું.

આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહેલા શ્રી ચંદ્રેશજીએ પોતાના વ્યાખ્યાનમાં જણાવ્યું હતું કે, જન્મદિવસે એવા શ્રેષ્ઠ અને શુભ કર્મોનો સંકલ્પ કરવો જોઈએ કે વાસ્તવમાં ખરેખર જન્મદિવસ એ આપણા જીવનનો એક ખાસ જીવન દિવસ બની જાય. જન્મ દિવસની ઉજવણી કરનારે ખરેખર જન્મ દિવસે વિશેષ આત્મ-નિરિક્ષણ કરવું જોઈએ અને પોતે કરેલા શુભ-અશુભ કર્મોનું સરવૈયું માંડવું જોઈએ. આમ કરવાથી જ આપણને ખબર પડશે કે આપણું જીવન એ



વેદનુકૂળ છે કે પછી વેદ વિરૂદ્ધનુ છે ? ચંદ્રેશજીએ વધુમાં જણાવ્યું હતું કે આજે જન્મદિવસની ઉજવણીમાં જે વસ્તુઓ સાથે આવવાની નથી તેની સજાવટમાં ખોટો સમય બરબાદ કરવામાં આવી રહ્યો છે. વૈદિક દ્રષ્ટિકોણથી આજનો દિવસ જીવનના કર્મોની સમજણ અને સજાવટ માટેનો હોવો જોઈએ. ભૌતિક ભેટ-સોગાદો કરતાં ઈશ્વરે અર્પણ કરેલ મનુષ્ટ શરીરરૂપી ભેંટને સજાવવા શ્રી ચંદ્રેશજીએ શુભ કર્મો તરફ ધ્યાન દોરી ઈશ્વર આરાધના કરવા તરફ વધુ પ્રયત્નશીલ થવા પ્રેરણા આપી હતી. તેમણે પ્રત્યેક દિવસે આત્મનિરીક્ષણ કરી જીવનમાં શ્રેષ્ઠ અને શુભ કર્મો તરફ ગતિ કરવા અનુરોધ કર્યો હતો.

આ કાર્યક્રમમાં વાડીયા પરિવાર, સેંધાણી પરિવાર, વાસાણી પરિવારના તમામ સભ્યો ઉપરાંત ભુજ, ગાધીધામ, મેરાઉ,દુર્ગાપુર, મુન્દ્રા અને ભુજપુરથી મોટી સંખ્યામાં લોકોએ ઉપસ્થિત રહી સત્સંગનો લાભ લીધો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે વાડીયા પરિવારના તમામ સભ્યો ઉપરાંત શ્રીમતિ મંજુલાબેન, શ્રી લીલાધરભાઈ, નીતીન વાડીયા, કીંજલ વાડીયા, નયના વાડીયા, આર્યફાર્મના યોગેશ વાડીયા અને ભુજના સુચીતા નાકરાણીનો વિશેષ સહયોગ પ્રાપ્ત થયો હતો.



# બ્રાહ્મણો આજે નથી એમઆપણે બોલી નાખીએ છીએ, પણ એવા બ્રહ્મવેત્તાઓ આજે પણ છે તેની પ્રતીતિ મયાશંકરજી જેવા ઋષિના સાનિધ્યમાં આવવાનું જેને સદ્‌ભાગ્ય મળે તેને થાય છે

## શ્રદ્ધેય પં. મયાશંકરજી દર્શનાચાર્ય (ભાગ-૧)

- શ્રી ઈશ્વર પેટલીકર

**પચ્ચીસ વર્ષની સ્મૃતિને જગાડે ત્યારે એ દેહે ભલે વિરાટકાય ન હોય, ભૌતિક સમૃદ્ધિએ વિરાટ ન હોય, પણ આધ્યાત્મિક સમૃદ્ધિએ એ વિરાટકાય જરૂર છે.**

સાળ વરસના આણદના વસવાટ પછી મેં ત્યાંથી વિદાય લીધી છે ત્યારે એની સ્મૃતિઓ ઊભરાય તે સ્વાભાવિક છે. એમાં એક વિરાટકાય મૂર્તિ મોખરે તરવરે છે. હું એને વિરાટકાય કહું છું ત્યારે એ દેહે લાંબી-પહોળી છે તેમ કહેવાનો ભાવાર્થ નથી. લગભગ સાડાસાત દસકા વટાવી ગયેલી એ મૂર્તિ મૂળે યે કૃશ હતી અને ઉંમરે તેને વધુ કૃશ બનાવી છે. ચાલ પણ હવે મંદ પડી છે. સવારના પહોરમાં આર્યસમાજમાંથી રસ્તાને નાકે એ દૂધ લેવા જાય કે સ્ટેશને શાક લેવા જતાં રોજ જોનારને મંદ ચાલનો ખ્યાલ આવ્યા વિના ન રહે. કૃશ શરીર, ધોતિયું, પહેરણ અને ટોપીનો સાદો પોષાક અને ચરોતર પ્રદેશની આર્યસમાજ આણંદે વગર ભાડે રહેવા આપેલી ૧૦'x૧૦'ની બે ઓરડીમાં રસોડું-ઘરવખરીનો સંસાર જેમનો સમાઈ ગયો છે, તે વ્યક્તિ આણંદનાં સ્મરણોને મોખરે આવીને ઊભી રહે અને પચ્ચીસ વર્ષની સ્મૃતિને જગાડે ત્યારે એ દેહે ભલે વિરાટકાય ન હોય, ભૌતિક સમૃદ્ધિએ વિરાટ ન હોય, પણ આધ્યાત્મિક સમૃદ્ધિએ એ વિરાટકાય જરૂર છે.

'૩૬ની સાલમાં ૨૦ વર્ષની ઉંમરે હું નોકરીની શોધમાં આણંદ આવ્યો અને આર્યસમાજના તે વખતના મંત્રી મુરબ્બી શ્રી બાપુભાઈ પટેલના કૌટુંબિક સંબંધને લીધે 'આર્યપ્રકાશ' સાપ્તાહિકમાં કારકુન તરીકે જોડાયો જેથી જે વિરાટકાય વ્યક્તિની સ્મૃતિની વાત કરૂં છું. તે બ્રહ્મવેતા આચાર્ય મયાશંકરજી શર્માનાં પ્રથમ દર્શન થયાં. પચ્ચીસ વર્ષ પહેલાંનો પણ પહેરવેશ એ જ હતો ! આજે જે જગામાં એ રહે છે તે જ બે ઓરડીમાં તે વખતે પણ રહેતા હતા. આર્યવિદ્યાસભાનું ગુરુકુળ શુક્લતીર્થથી આણંદ લાવવામાં આવ્યું હતું અને આચાર્ય તરીકે એ સાથે આવ્યા હતાં. 'આર્યપ્રકાશ' સાપ્તાહિક પ્રગટ થતું હતું એના પણ એ તંત્રી હતા. માણસની આંતરિક મોટાઈ જોઈ શકવાની દ્રષ્ટિ તે વખતે મારામાં ખીલી નહોતી તેમ કહું તે કરતાં, ઊઘડી જ નહોતી તેમ કહું તો એ વધુ સાચું ગણાશે. આથી એમનું પહેલું ચિત્ર મારી સ્મૃતિમાં જડાયેલું છે, તે સવારમાં એમને ઓરડીની બહારના નળે સ્નાન કરતા તે પછી જાતે ધોતિયું ધોઈને સુકવી નાખતા જોએલા, તે એ વખતે મને એ દશ્યથી કંઈક આઘાત પણ લાગેલો. હાઈસ્કૂલના અમારા હેડ માસ્તર શાળામાં આવતા ત્યારે એમની આગળ પટાવાળો ચાલતો હોય, એ સનાતની આચારવિચારના હતા, એટલે શાળાનું સાર્વજનિક પાણી પીવામાં એ છોછ માનતા એટલે બ્રાહ્મણ પટાવાળો ઘરેથી એમને માટે લોટામાં પાણી ભરી લાવતો અને તે દેખાવ એમની મોટાઈની છડી પોકારતો લાગતો. નિશાળ અગ્યાર વાગ્યે ઉઘડતી, શિક્ષકો તે પહેલાં આવી જતા, પણ હેડ માસ્તર શાળા શરૂ થઈ ગયા પછી આવતા અને ક્લાસમાં બેઠા-બેઠા અમારી નજર એમના તરફ પડી જાય તો એ મોડા આવે છે તેમાં પણ એમની મોટાઈ અમને દેખાતી હતી. એ ચાલે એમાં, એ બોલે એમાં, એ અમને વર્ગ લેતાં ભણાવે એમાં, એ શાળામાં સૌથી મોટા સર્વેશ્વર છે, તેની પ્રતીતિ થયા કરતી હતી. એને બદલે ગુરુકુળના આચાર્ય અને મુંબઈ પ્રદેશ આર્યપ્રતિનિધિ સભાના મુખપત્ર સાપ્તાહિક 'આર્યપ્રકાશ'ના તંત્રી જાતે પોતાનું ધોતિયું ધોઈ લે અને એમનાથી પચ્ચીસ ફૂટ દૂર એમના વિદ્યાર્થીઓએ દશ્ય જોતા હોય, તે મને વરવું લાગતું હતું.

'આર્યપ્રકાશ' કાર્યાલયમાં છાપાં આવતાં, તંત્રીને જ એની જરૂર ગણાય, તંત્રીને સીધાં એ મળવાં જોઈએ, પરંતુ એ પોતે કાર્યાલયમાં આવે, ટપાલ મારી પાસે આવતી એટલે મારા ટેબલ ઉપર એ હોય, જાણે હું એનો હકદાર હોઉં તેમ એ મારી રજા સંમતિ લેતા હોય તેમ કહે, લઈ જાઉં છું ! અમારી નિશાળમાંય છાપાં આવતાં, વિદ્યાર્થીઓને તે વાંચવાનો અધિકાર હતો, પરંતુ છાપાં હેડમાસ્તર, શિક્ષકોની ઓફિસમાં રહેતાં, વિદ્યાર્થીઓ માટે તે વાચનાલયમાં ભાગ્યે જ મુકાતાં હતાં. અને અહીં મયાશંકરજી પોતાના અધિકારનેયે ઓળખતાં ન હતાં. નવ જ મહિના એ વખતે આર્યસમાજમાં રહીને શિક્ષકની સરકારી નોકરી માટે મેં ત્યાંથી વિદાય લીધી. એઓ ભલા માણસ છે ત્યારે એવી જ એ પ્રથમ છાપ હતી.

પરંતુ સાત વર્ષ પછી પાછો એ જ આર્યસમાજમાં રહેવા આવ્યો અને ખાસ્સાં સોળ વર્ષ ત્યાં રહ્યો ત્યારે મયાશંકરજીની આંતરિક પ્રતિભાને સમજવાની કંઈક દૃષ્ટિ પ્રાપ્ત થઈ હતી તેથી મને વિશ્વાસ બેઠો છે કે, ઋષિ-મુનિઓનો વંશ ભારતભૂમિમાંથી નિર્મૂળ થયો નથી ! ત્યાગી, વિદ્વાન, ગુરૂઓ અરણ્યમાં ઝૂંપડીમાં રહેતા હતા તેવા બ્રાહ્મણો આજે નથી એમ આપણે બોલી નાખીએ છીએ, પણ એવા બ્રહ્મવેત્તાઓ આજે પણ છે તેની પ્રતીતિ મયાશંકરજી જેવા ઋષિના સાનિધ્યમાં આવવાનું જેને સદ્‌ભાગ્ય મળે તેને થાય છે. એ જે બે ઓરડીમાં રહે છે તે ઈંટ-સીમેન્ટની પાકી છે તે સાચું, પણ સગવડમાં ઝૂંપડી કરતાં એમાં વિશેષ કંઈ નથી. વીજળીની બત્તી અને પાણીનો નળ સગવડમાં કહેવો હોય તો કહી શકાય. આ તો સ્થૂલ સરખામણી થઈ, પરંતુ ઋષિ-મુનિ સાથે આંતરિક સરખામણી કરવામાં આવે તો એમાં એ ક્યાંય ન ઉતરે. (ક્રમશઃ)

**એક વાર મુલાકાત અવશ્ય લો........**

**વાનપ્રસ્થ સાધક આશ્રમ દ્વારા ભારતની પ્રાચીન સંસ્કૃતિ વેદના પુસ્તકોનું ભવ્ય પ્રદર્શન તથા વેચાણ કરવામાં આવી રહ્યું છે.**

**અમદાવાદ નેશનલ બુક ફેરમાં સ્ટોલ નં. : ૨૩૭ તથા ૨૩૮**

**સ્થળ : ગુજરાત યુનિવર્સિટી કોન્વોકેશન હોલ, હેલ્મેટ સર્કલ પાસે, જી.એમ.ડી.સી. ગ્રાઉન્ડ, અમદાવાદ**

# સુખનું સરનામું

## ચંદ્રેશ ચિંતન



(૨)- ચંદ્રેશ આર્ય, ગાંધીધામ

વિકાસ વિકાસ અને કેવળ વિકાસની જ વાતો કરતા આ ભૌતિક સમાજે સાંભળવા જેવી ઘટનાઓ. પૈસા અને પદાર્થોથી જ સમગ્ર સંસારના સઘળા સુખ પ્રાપ્ત કરી શકાય છે, તેવી બૂમરંગો મારતા આ સમાજે ૨૦૧૪ના અંગ્રેજ વર્ષના પ્રારંભે જ તા. ૧૭ થી ૨૭ જાન્યુઆરી વચ્ચે ૧૦ દિવસમાં બનેલ બ-બે ઘટનાઓનું આંકલન કરવું જ રહ્યું. ભારત જેવા વિશાળ લોકશાહી દેશના રાષ્ટ્રીય કેન્દ્રીય કેબીનેટમાં પ્રધાનપદ ભોગવતા પ્રધાનશ્રીના ધર્મપત્નિ શ્રીમતિ સુનંદા થરૂરે રાજધાની દિલ્લીની ફાઈવસ્ટાર હોટલમાં આત્મહત્યા કરી લધી. મીડિયા આ બાબતે મસાલેદાર સમાચારો આપતું રહ્યં હતું અને હજુ સમાચારોની શાહી સૂકાઈ પણ ન હતી અને ત્યાંજ નવ દિવસ બાદ બીજા સમાચાર આવ્યા કે વિશ્વ પ્રસિદ્ધ ટાટા કંપનીના મેનેજિંગ ડિરેક્ટર કાર્લ સ્લીમે બેંગકોકની હોટલના ૨૨મ માળેથી કૂદીને આપઘાત કરી લીધો. આ બંને ઘટનાઓમાં ઘણી બધી સામ્યતાઓ છે. સુનંદા અને કાર્લ બંનેની ઉંમર ૫૧ વર્ષની હતી. બંને આપઘાત કરનાર વ્યક્તિ હાઈપ્રોફાઈલ લાઈફ જીવનમાં જીવી રહ્યા હતા. સુનંદા પાસે રૂપ-રૂપિયા અને પ્રતિષ્ઠા હતી તેવી જ રીતે કાર્લ પાસે પણ પૈસા, પદ અને પ્રતિષ્ઠા ઉપરાંત પાવર પણ હતો. બંને પાસે આટ-આટલો વૈભવ હોવા છતાં બંનેને જીવન ટૂંકાવવાની જરૂરત શા માટે પડી ? આ વિચારને વાચકોએ ચિંતનની ચિનગારીએ લાવવો જોઈએ. બંને જણ પોત-પોતાના અંગત જીવન સાથી સાથે સમજણના સેતુ બાંધવામાં અસફળ અને અસંતુષ્ટ હતા. વિશ્વ પ્રસિદ્ધ આટલી મોટી ટાટા કંપનીના એમ.ડી. કંપની બોર્ડ મિટીંગમાં એક ક્રિયાશીલ એમ.ડી. તરીકે ભાગ લઈને પરત હોટલમાં આવેલ વ્યક્તિ આપઘાત કરે એ કોઈ માનવા પણ તૈયાર ન હતું. પરંતુ તેમણે તેમના હાથે લખેલ ત્રણ પાનાની મૃત્યુનોંધ મળી આવતાં તેમને જાણતા લોકો જ નહીં પણ સમગ્ર કંપની અને સમાજના લોકો પણ સ્તબ્ધ થઈ ગયા. કાર્લે જ્યારે આત્મહત્યા કરી ત્યારે એમની આત્મહત્યાનું કારણ એમની પત્નિ એમના જ હોટલ રૂમમાં ઘસઘસાટ ઉંઘતા હતા. અને કાર્લનું જીવન કાયમ માટે ઉંઘી ગયું. આ સમાજમાં ભૌતિકવાદની ઉંધી ઉંઘ ક્યારે ઉઘડશે અને આવા અનિષ્ઠોના અવસરો ક્યારે બંધ થશે ? ભૌતિકવાદી સમાજની ભાગદોડમાં કાર્લ સ્લીમ જેવા મજબૂત માનવીએ સ્વયંના પ્રભાવર્થ ટાટ કંપનીના ૫૦ હજાર વ્યક્તિઓને હેન્ડલ કરી શક્યા પરંતુ તુમારખોર એક પત્નીને હેન્ડલ કરવામાં પોતે સ્વયં હચમચી ગયા. એક સમયે માનવ વિકાસ મંત્રી તરીકે ભારત સરકારના મંત્રી રહી ચૂકેલ મંત્રી સ્વયંની પત્નીના વિકાસમાં અને વિશ્વાસમાં વણઉકેલયા જ રહ્યા. આવા મંત્રીઓ દેશની માનવ શક્તિના વિકાસમાં શું ખરા ઉતરશે ? પત્નીનો વિશ્વાસ પામતા પહેલા દેશની જનતાનો વિશ્વાસ પામવો આ લાગણીપ્રધાન દેશમાં સહેલું કામ છે. રૂપ અને રૂપિયા વચ્ચે ફાઈવ સ્ટાર હોટલોના વૈભવમાં વિચરણ કરતી સુનંદા પાસે મુઠ્ઠીભર વિશ્વાસની ખોટ હતી. જે વિશ્વાસ તેણીને ખોબા જેટલો પ્રેમ અર્પણ કરી શકે. આ બંને ઘટનાઓ ફાઈવ સ્ટાર હોટલના વૈભવમાં બનેલ છે. ભોગ બનનાર બંને વ્યક્તિઓ ભૌતિકવાદના ઉચ્ચ શિખરો પર હતી. આ બંને ઘટનાઓ આપણને ઘણું બધું કહી જાય છે કે કેવળ માત્ર પૈસો જ સર્વસ્વ નથી પરંતુ જીવનમાં પરમેશ્વરનું વર્ચસ્વ પણ સ્વીકારવું જ રહ્યું. કેવળ માત્ર પૈસાથી જ બધા સુખો મેળવી શકાતા નથી. પરંતુ જીવનમાં પરમેશ્વરને પામવાના પ્રયત્નોથી પણ ઘણાં સુખો પ્રાપ્ત કરી શકાય છે. આ બંને ઘટનાઓના સંદર્ભે એટલું તારણ આપણી સમક્ષ આવીને ઉભું રહે છે કે... સુનંદા અને કાર્લ બંનેના જીવનની પ્રયોગશાળામાં પ્રેમ અને વિશ્વાસના રસાયણોની ખોટ ભરપૂર હતી અને આ ખોટને કારણે જ બંને પ્રયોગો નિષ્ફળ ગયા. પ્રેમ અને વિશ્વાસના રસાયણો દુનિયાના ભૌતિક બજારમાં મૂલ્ય આપીને વેંચાતા ખરીદી શકાતા નથી. પ્રેમ અને વિશ્વાસના રસાયણો મેળવવા માટે વૈદિક વાટીકાઓમાં વિચરણ કરવું પડે. આવું વિચરણ જ માનવીને સાચું તારણ આપી શકે. (ક્રમશઃ)

OWNER, PRINTER, PUBLISHER & EDITOR : ARVIND K. RANA PRINTED AT MUDRANKAN OFFSET, PLOT NO. 905/5/B, G.I.D.C., SECTOR-28, GANDHINAGAR.
PUBLISHED FROM : PLOT NO. 791/D/3, PANCHSHEEL PARK, SECTOR-21, GANDHINAGAR-382021. PHONE : (079) 23210071 E-MAIL : agnipathweekly@yahoo.com